R.N.I. No. MAHBIL/2020/79181

પ્રકાશ સમીક્ષા

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

Since 1924...

સળંગ વર્ષ ૧૦૦મું

VOLUME : 05 • ISSUE : 04 • PAGES : 44 • MUMBAI • DATE : 20TH DECEMBER 2024

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

HD FIRE PROTECT
Protecting what matters most to you

| PASSION | EXCELLENCE | GROWTH |




At HD Fire, we don't just make fire-fighting products; we provide peace of mind.
With installations in 25,000+ locations across 90 countries, we bring safety when it matters the most.

HD FIRE PROTECT PVT. LTD.
Corporate Headquarters: D-6/2, Road No. 34, Wagle Estate, Thane 400604, India
Tel: +(91) 22 21582600 | Fax: +(91) 22 21582602 | Email: info@hdfire.com

UL LISTED | FM APPROVED | VdS | CE

www.hdfire.com | @HdFireProtectPvtLtd | @hd-fire-protect | @TheHdfire

With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# પ્રકાશ સમીક્ષાનો શાનદાર શતાબ્દી મહોત્સવ ઉજવાયો

## શણ્મુખાનંદ ઓડીટોરીયમ, કિંગ સર્કલ, તા. ૧.૧૨.૨૦૨૪



પ્રમુખ : શ્રી હીરાચંદ દામજી દંડ




મંચ ઉપર ઉપસ્થિત પ્રકાશ સમીક્ષા ટ્રસ્ટી મંડળ





આધાર સ્તંભ દાતા શ્રી હરીશભાઈ ધરમશી - શ્રીમતી કુસુમબેન ધરમશી



આભાર દર્શન : શ્રી શૈલેષભાઈ શાહ



નવકાર મંત્ર



એન્કર : ચાંદની પરેશ લાલકા



એન્કર : રાશિ મોદી




મ્યુઝીકલ ઓરકેસ્ટ્રા : સદાબહાર ગીતોં કા ગુલદસ્તા




ભૂતપૂર્વ તંત્રી શ્રી સનત નરપાર શાહ પરિવારનું બહુમાન




ભૂતપૂર્વ તંત્રી શ્રી રાયચંદ રતનશી નાગડા (આર. આર.) પરિવારનું બહુમાન




વર્તમાન તંત્રી શ્રી હીરાચંદ દામજી દંડ પરિવારનું બહુમાન




શતાબ્દી મહોત્સવના આધાર સ્તંભ દાતા શ્રી હરીશભાઈ નરશી ધરમશી - સુથરી (મુલુંડ) તથા પરિવારજનોનું બહુમાન



શતાબ્દી મહોત્સવની ઉજવણીના ગોલ્ડન દાતા શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)નું બહુમાન



શતાબ્દી મહોત્સવની ઉજવણીના ગોલ્ડન દાતા શ્રીમતી મીનાબેન શાંતીલાલ શાહ (નાગડા) - નલિયા (માટુંગા)નું બહુમાન




શતાબ્દી મહોત્સવની ઉજવણીના ગોલ્ડન દાતા માતુશ્રી ઝવેરબાઈ શીવજી વિકમશી અને શ્રી શીવજી
કુંવરજી વિકમશી રાણપર (પરેલ) પરિવારનું બહુમાન



શતાબ્દી મહોત્સવની ઉજવણીના ગોલ્ડન દાતા માતુશ્રી પ્રમિલાબેન દામજી દંડ અને શ્રી દામજી નથુભાઈ દંડ
મંજલ રેલડીયા (ઘાટકોપર) પરિવારનું બહુમાન



શતાબ્દી મહોત્સવની ઉજવણીના ગોલ્ડન દાતા માતુશ્રી દમયંતીબેન સનત શાહ (લોડાયા) અને શ્રી સનતકુમાર નરપાર શાહ (લોડાયા) મોટી સિંધોડી (સાયન) પરિવારનું બહુમાન




પ્રકાશ સમીક્ષા શતાબ્દી મહોત્સવ પ્રસંગે પ્રકાશિત 'સ્મૃતિ વિશેષ' અંકનું વિમોચન




પ્રકાશ સમીક્ષા શતાબ્દી મહોત્સવ પ્રસંગે પ્રકાશિત 'શતાબ્દી વિશેષ' કોફી ટેબલ બુકનું વિમોચન





ઉપસ્થિત જ્ઞાતિજનો

**તંત્રી સ્થાનેથી**

# શતાબ્દી મહોત્સવના બંને કાર્યક્રમોની ભવ્ય ઉજવણી



**– CA હીરાચંદ દંડ, Mob.: 77385 08150**

૧૦મી નવેમ્બર ૨૦૨૪ના રોજ શતાબ્દી સન્માન સમારંભ અને ૧લી ડિસેમ્બરના રોજ 100 વર્ષની ઉજવણી, બંને કાર્યક્રમો ખૂબ જ સારી રીતે સંપન્ન થયા. કદઓ જ્ઞાતિજનોએ સારી સંખ્યામાં હાજરી આપી સન્માન અને સંગીત કાર્યક્રમનો તથા સંબંધીઓ અને મિત્રોને મળવાનો આનંદ માણ્યો. ઘણા લોકોએ અમને દર વર્ષે આવી ઈવેન્ટ કરવાનું સૂચન કર્યું છે. પ્રકાશ સમીક્ષા પ્રથમ કચ્છી જ્ઞાતિ સામયિક છે, જેને 100 વર્ષ પૂર્ણ થયા છે અને તે આપણા બધા માટે ગર્વની ક્ષણ છે. પ્રકાશે પસંદગીની કદઓ વ્યક્તિઓના ઈન્ટરવ્યુ ધરાવતી કોફી ટેબલ બુક પણ પ્રકાશિત કરી છે અને સંભવતઃ કેડીઓ જ્ઞાતિની આ પ્રથમ કોફી ટેબલ બુક છે.

હું આ સ્થળેથી બધા દાતાઓનો આભાર માનું છું કે જેમણે અમને બંને ઈવેન્ટ્સ માટે ઉદારતાથી સહયોગ આપ્યો છે. તેમણે બધાએ બન્ને ઈવેન્ટમાં ભાગ લીધો હતો. ઈવેન્ટને સફળ બનાવવા માટે હું લેખકો, ભૂતકાળના સંપાદકોના પરિવારના સભ્યો અને તમામ વાચકોનો પણ આભાર માનું છું. હું અમારા જાહેરાતકર્તાઓનો તેમના સતત સમર્થન માટે પણ આભાર માનું છું. બંને ઈવેન્ટ માટે મને નિર્ણય લેવાની સત્તા આપવા બદલ હું પ્રકાશ સમીક્ષા ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓનો પણ આભાર માનું છું. ડોંબિવલી અને નજીકના વિસ્તાર માટે ૪ બસોનું આયોજન કર્યું હતું જેથી તેઓ માટુંગા સુધી આરામથી આવી શકે. ડોંબિવલી મહાજને આમાં અમને સહકાર આપ્યો હતો. હું એવા તમામ વાચકોનો પણ આભાર માનું છું જેઓ વર્ષોથી પ્રકાશ વાંચી રહ્યા છે અને અમને સપોર્ટ આપી રહ્યા છે.

૧લી ડિસેમ્બરના કાર્યક્રમની તસવીરો આ અંકમાં પ્રકાશિત કરવામાં આવી છે. ૧લી ડિસેમ્બરની ઈવેન્ટ યુટ્યુબ પર લાઈવ બતાવવામાં આવી હતી અને ઘણા લોકોએ તેને ભારત અને વિદેશમાં જોઈ હતી. હવે તમે યુટ્યુબ ચેનલ પર ૧૦મી નવેમ્બરના ફંક્શનનું એડિટેડ વર્ઝન પણ જોઈ શકો છો. તમે યુટ્યુબ પર પ્રકાશ સમીક્ષાની 100 વર્ષની સફર વિશેની ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ જોઈ શકો છો. ચેનલ જોવા માટે youtube પર cdo prakash samiksha ટાઈપ કરો.

અમે ફેબ્રુઆરી/માર્ચના અંકમાં બંને કાર્યક્રમોના આર્થિક હિસાબો પ્રકાશિત કરીશું. એકત્રિત ભંડોળનો ઉપયોગ પ્રકાશ સમીક્ષાના કાગળની ગુણવત્તા સુધારવા અને અમારા વાચકો માટે વધુ વાચન સામગ્રી ઉમેરવા માટે કરવામાં આવશે.

મુંબઈ મહાજન માટે ચૂંટણી જાહેર થઈ. ૪૪ બેઠકો માટે માત્ર ૪૦ ફોર્મ આવ્યા હતા. જૂના ૪૪ કમિટીના સભ્યોમાંથી માત્ર ૩૧ સભ્યોએ જ નોમિનેશન ભર્યું હતું અને તેથી છેલ્લી કમિટીના ૧૩ સભ્યોએ ચાલુ રહેવા માટે રસ દાખવ્યો નથી. નવ(૯) નવા સભ્યોએ તેમનું નોમિનેશન ભર્યું છે. મેં કેટલાક સભ્યો સાથે વાત કરી હતી જેમણે ફોર્મ ભર્યા ન હતા. તેઓના કહેવા મુજબ મુંબઈ મહાજનમાં આજકાલ કરવાનું કંઈ જ નથી. આ ચિંતાજનક સ્થિતિ છે. મને આશા છે કે નવા (૯) નવ સભ્યો નવા વિચારો અને નવી ઊર્જા લાવશે અને જ્ઞાતિ હિતની પ્રવૃત્તિઓ આગળ ધપાવશે.

આપ સૌને વર્ષ ૨૦૨૫ની આગોતરી શુભકામના.

**આગામી પ્ર.સ.ના અતિથી સંપાદક**

તા. ૫.૧.૨૦૨૫ના અંકના અતિથી સંપાદક તરીકે શ્રીમતી ચંદ્રિકાબેન ભૂપેન્દ્ર લોડાયા જખૌ(પુના) રહેશે.

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

CA હીરાચંદ દામજી દંડ



**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા | કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના | ઍડ. શૈલેશ સનત્ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા | કિરીટ ખેતસી શાહ

શિલ્પાબેન અજાણી | જયંત વિશનજી છેડા


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૫, અંક : ૦૪, તા. ૨૦-૧૨-૨૦૨૪**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

# પ્રકાશ સમીક્ષાનો શાનદાર શતાબ્દી મહોત્સવ ઉજવાયો

## શણમુખાનંદ ઓડીટોરીયમ, કિંગ સર્કલ, તા. ૧.૧૨.૨૦૨૪

રવિવાર તા. ૧ ડિસેમ્બરનો દિવસ ક.દ.ઓ. જ્ઞાતિ માટે મહત્ત્વપૂર્ણ બની રહ્યો. કારણ કે ક.દ.ઓ. જ્ઞાતિજનો દ્વારા પ્રકાશિત થતા પ્રકાશ સમીક્ષા મેગેઝીનને સો વરસ પૂર્ણ થયા. એ પ્રસંગે શતાબ્દી સમારોહની શાનદાર ઉજવણી શ્રી ષણ્મુખાનંદ ચંદ્રશેખરેન્દ્ર સરસ્વતી ઓડીટોરીયમ કિંગ સર્કલ, માટુંગા ખાતે શાનદાર રીતે પ્રકાશ સમીક્ષા સમિતી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી. આ પ્રસંગે ક.દ.ઓ. આગેવાનો, વિવિધ મહાજનો-મંડળોના પદાધિકારીઓ, સન્માનીય દાતાશ્રીઓ, મેગેજીનના ભૂતપૂર્વ તંત્રીશ્રીઓ, સહતંત્રીશ્રીઓ, પ્રતિનિધીઓ તથા લેખકોના પરિવારજનો અને વિશાળ સંખ્યામાં દૂર સુદૂરથી પધારેલ જ્ઞાતિજનોએ સમારંભને ચાર ચાંદ લગાવ્યા હતા.

સાંજે ૬.૧૫ કલાકે શતાબ્દી સમારોહની ઉજવણીનો સંગીતની સુરાવલીઓ સાથે પ્રારંભ થયો હતો. 'સદાબહાર ગીતોં કા ગુલદસ્તા' શીર્ષક હેઠળ શ્રી અરવિંદ મહેતા દ્વારા પ્રસ્તુત, રાશિ મોદી દ્વારા સંચાલિત કાર્યક્રમમાં મુખ્તાર શાહ, ધનશ્રી દેશપાંડે, ચિરાગ પંચાલ, ગુલ સક્સેના તથા અનુભવ સુમન જેવા નામી કલાકારોએ વિખ્યાત સાજીંદાઓ સાથે ગીતોની રસલહાણ કરાવી હતી. એક કલાકની સંગીતમય સફર પછી શતાબ્દી સમારોહનો મહત્ત્વપૂર્ણ સન્માન કાર્યક્રમ યોજાયો હતો જેનુ સંચાલન ચાંદની પરેશ લાલકાએ કર્યુ હતુ.

નવકાર મંત્રની રજૂઆત પછી પ્રકાશ સમીક્ષા સમિતી ટ્રસ્ટ દ્વારા રવિવાર, તા. ૧૦ નવેમ્બરના નારાણજી શામજી વાડી, માટુંગા ખાતે આયોજીત થયેલા પૂર્વ તંત્રીશ્રીઓ, સહતંત્રીશ્રીઓ, લેખકો, સંશોધન સમિતીના સભ્યો, શતાબ્દી ઉજવણી સમિતીના સભ્યો, શતાબ્દી સમારોહના સિલ્વર દાતાશ્રીઓ તથા બ્રોન્ઝ દાતાશ્રીઓ, પ્રતિનિધીઓ તથા શતાબ્દી સમારોહની ઉજવણીમાં સહયોગી બનેલા વ્યક્તિઓનું સમૃતિચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું હતું, તે કાર્યક્રમની વિડીયો ક્લીપ સ્ક્રીન ઉપર દેખાડવામાં આવી જેને ઉપસ્થિત પ્રેક્ષકોએ તાળીઓથી વધાવી હતી.

ત્યારબાદ શતાબ્દી સમારોહના આધારસ્તંભ દાતાશ્રી હરીશભાઈ નરશી ધરમશી સુથરી (મુલુંડ) તેમના ધર્મપત્ની શ્રીમતી કુસુમબેન, સમિતીના ટ્રસ્ટીગણ તથા ઉજવણી સમિતીના પ્રમુખ શ્રી ચીમનભાઈ મોતાએ મંચ ઉપર સ્થાન ગ્રહણ કર્યું હતું. પ્રકાશ સમીક્ષા સમિતીના પ્રમુખ તથા વર્તમાન તંત્રીશ્રી હીરાચંદ દંડએ પોતાના પ્રવચનમાં સૌનું સ્વાગત કર્યુ હતું તથા ઉજવણીની તૈયારીઓ તથા વ્યવસ્થા બાબતે માહિતી આપી સર્વ દાતાશ્રીઓ, સહયોગીઓ તથા જ્ઞાતિજનો પ્રતિ આભાર વ્યક્ત કર્યો હતો. યુવા પેઢીને પ્રકાશ સમીક્ષા સાથે જોડાવવા નિવેદન કર્યું હતું.

સન્માનના દોરમાં સૌ પ્રથમ તંત્રી તરીકે દીર્ઘકાલીન સેવા આપનારા પૂર્વ તંત્રીશ્રીઓ શ્રી સનત નરપાર શાહ તથા શ્રી રાયચંદ રતનશી નાગડાના પરિવાર અને વર્તમાન તંત્રી શ્રી હીરાચંદ દામજી દંડનું આજના સમારંભના મુખ્ય અતિથી શ્રી હરીશભાઈ ધરમશીના વરદહસ્તે સ્મૃતિચિહ્ન આપી બહુમાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શતાબ્દી સમારોહના આધારસ્તંભ દાતાશ્રી હરીશભાઈ નરશી ધરમશી-સુથરી (મુલુંડ), ગોલ્ડન દાતાશ્રીઓ શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા-રવા (ચેમ્બુર), શ્રીમતી મીનાબેન શાંતિલાલ નાગડા-નલીયા (માટુંગા), માતુશ્રી ઝવેરબાઈ શીવજી કુંવરજી વિકમશી-રાણપર (પરેલ), માતુશ્રી પ્રમિલાબેન દામજી નથુભાઈ દંડ-મંજલ રેલડીયા (ઘાટકોપર) તથા માતુશ્રી દમયંતીબેન સનત નરપાર શાહ (લોડાયા)-મોટી સિંધોડી (સાયન) એમ છ પરિવારોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેને ઉપસ્થિતોએ તાળીઓના ગડગડાટથી વધાવ્યું હતું.

સમારોહમાં પ્રકાશ સમીક્ષા સ્મૃતિ વિશેષ અંકનું વિમોચન ચંદ્રેશ છેડા, પ્રવીણ લોડાયા અને પ્રબોધ મુનવરના હસ્તે કરાયું. સદર અંકમાં જ્ઞાતિ ઈતિહાસની માહિતી, વિવિધ સંસ્થાઓની સવિસ્તર વિગત પ્રકાશ સમીક્ષાની ૧૦૦ની સફરનો ઈતિહાસ ઈત્યાદી ઉપયોગી માહિતી સંકલિત કરાઈ છે. તે ઉપરાંત હરીશભાઈ ધરમશીના હસ્તે કોફી ટેબલ બુકનું વિમોચન કરાયુ હતું. જેમાં જ્ઞાતિના મહાનુભાવોની માહિતી, તેમના કાર્યોની વિગત આધારભૂત રીતે સંકલિત કરાઈ છે.

આધારસ્તંભ દાતાશ્રી હરશીભાઈ ધરમશીએ ખૂબજ વિનમ્રતાથી આ લાભ આપવા બદલ પ્રકાશ સમીક્ષા ટ્રસ્ટનો આભાર માન્યો હતો તથા પ્રકાશ બસો વરસનું થાય એવી શુભેચ્છા આપી હતી. તેમણે પ્રકાશ સમીક્ષામાં પ્રગટ થતી ઘણી માહિતીઓ, રજૂઆત જ્ઞાતિજનોને અનેક રીતે

ઉપયોગી થાય છે, વિદેશ વસતા જ્ઞાતિજનો એનો લાભ લે છે એની વાત કહી, વિવિધ માહિતીઓ પ્રકાશ સમીક્ષામાં અપાતી રહે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી. આ માહિતીઓ ભવિષ્યમાં પણ ઉપયોગી થઈ રહેશે એવું જણાવ્યું હતું. શ્રીમતી કુસુમબેન ધરમશીએ પણ પોતાના સ્મરણો વાગોળી શુભેચ્છાઓ આપી હતી. અલ્પાબેન ધરમશીએ કોરોના સમયે પીડીતો સાથે વાર્તાલાપ કરી અને તેમના દર્દને ઓછું કર્યું હતું એને યાદ કરી, અંગ્રેજી ભાષામાં એમની કોલમ પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત કરવામાં આવે છે જે પ્રેરણાદાયી છે અને સમાજ ઉપયોગી છે એવું કહ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટી શ્રી શૈલેષભાઈ શાહે આભાર વિધી કરી હતી.

શતાબ્દી સમારોહમાં સન્માન સમારંભની પરિપૂર્ણતા પછી ફરીથી 'સદાબહાર ગીતોં કા ગુલદસ્તા'ની સંગીતમય પ્રસ્તુતીઓ રાશિ મોદીના મધુર સંચાલનમાં રજૂ થઈ હતી જેને પ્રેક્ષકોએ મન ભરીને માણી હતી અને કલાકારોના પર્ફોમન્સને તાળીઓથી વધાવ્યું હતું. દસ વાગે સમાપ્ત થયેલ કાર્યક્રમની મીઠી યાદો સાથે ક.દ.ઓ. જ્ઞાતિજનોએ સ્વગૃહે જવા પ્રસ્થાન કર્યું હતું.

# શ્રી કચ્છી દશા ઓશવાલ સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ

**સ્થાનિક કાર્યાલય : સેવક ભરૂડિયા, પો. દલતુંગી, જી. જામનગર - ૩૬૧ ૨૮૦**

**મુંબઈ કાર્યાલય : C/o. ખુશ્બુ ડાયકેમ પ્રા.લિ. ગાલા નં. ૯૯, ન્યુ યુનીક ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, જવાહર ટોકીઝની સામે, ડૉ. આર.પી. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૯૩૯૬૯૬**

E-mail ! sevakbharudiyatrust@gmail.in Website : www.KDOtrustbharudia.in

## ૧૮મી વાર્ષિક સામાન્ય સભા

જય જિનેન્દ્ર, આપણા સંઘની ૧૮મી વાર્ષિક સામાન્ય સભા તા. ૧૨.૦૧.૨૦૨૫ના નીચે દર્શાવેલ સ્થળે રાખવામાં આવેલ છે. જેમાં નીચે જણાવેલ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## એજેન્ડા

૧) ગત સામાન્ય સભાની મીનીટ્સનું વાંચન તથા તેને બહાલી. ૨) વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના ઓડીટેડ હિસાબને મંજુરી આપવી. ૩) વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે ઓડીટરની નિમણુંક કરવી. ૪) જુના ટ્રસ્ટ બોર્ડની મુદત પૂરી થતા નવા ટ્રસ્ટ બોર્ડની ચૂંટણી બાબત ચર્ચા. ૫) પ્રમુખશ્રીની પરવાનગીથી અન્ય વિષયો પર ચર્ચા વિચારણા કરવી.

**નોંધ : કોરમના અભાવે જો સભા મુલતવી રાખવી પડે તો અડધા કલાક પછી એજ સ્થળે સભા પાછી મળશે. તેમા હાજર રહેલ સભ્યોની કોરમ ગણાશે. તથા તેની કાર્યવાહી કાયદેસર ગણાશે.**

**-: સભાનું સ્થળ :-**

**શેઠશ્રી વીરજી જીવરાજ મેપાણી હૉલ,**
**દેવપુંજ, શિશુકુંજ હૉલની પાછળ, વાલજી લધાભાઈ રોડ,**
**મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

**-: સભાનો સમય :-**

**બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે**
**ચા અને અલ્પાહારની વ્યવસ્થા છે**

શ્રી સંઘના હિસાબના ચોપડા અને ઓડિટ રિપોર્ટ જોવા તા. ૦૨.૦૧.૨૦૨૫ થી તા. ૦૪.૦૧.૨૦૨૫ દરમ્યાન બપોરે ૪.૦૦ થી ૬.૦૦ વચ્ચે મુંબઈ કાર્યાલયમાં જોઈ શકાશે. આપણા સંઘની વેબસાઈટ www.KDOtrustbharudia.in ઉપર પણ મુકવામાં આવેલ છે. તો સભ્યો ત્યાં પણ જોઈ શકે છે. **તા. ૧૫.૧૨.૨૦૨૪**

**નમ્ર નિવેદન :-** આપણા દેરાસરના વાર્ષિક સાધારણના નકરા (તા. ૦૧.૦૪.૨૦૨૫ થી તા. ૩૧.૦૩.૨૦૨૬) દરેકના રૂા. ૧૧,૦૦૦/- પ્રમાણે નીચે મુજબ છે. (૧) વાસક્ષેપ પૂજા (૨) પક્ષાલ પૂજા (૩) બરાસ પૂજા (૪) અંગલુછણા (૫) ચંદન પૂજા (૬) ફૂલ પૂજા (૭) ધુપ પૂજા (૮) દીપક પૂજા. વહેલા તે પહેલાના ધોરણે મુંબઈ કાર્યાલયે નામ લખાવવા વિનંતી.

**નોંધ :** (૧) આગામી વીસમી ધ્વજાનો પાવન દિવસ તા. ૨૬.૦૨.૨૦૨૫ને બુધવારના નિર્ધારિત છે. ગામવાસી તથા દેશાવર વસતા સહુને બહોળી સંખ્યામાં પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

**એજ લી. શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ વતી ટ્રસ્ટીગણ**




# કચ્છ દર્શન





લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ભાગ : ૩૩)

**(તા. ૨૦.૧૧.૨૦૨૪ના અંકથી ચાલુ)**



**શ્રી શાંતિનાથજી જિનાલય, કોઠારા-કચ્છ.**

અમારી બસ દેઢિયા ગામમાંથી નીકળી માંડવી નલિયા સ્ટેટ હાઈ-વે પર આવી પહોંચી અહીંથી ભોજાય ગામ પાસે જ છે જ્યાં વર્ષો પહેલા ''અધા'' (શ્રી લીલાધર ગડા)એ વૈદ્યકીય સેવા (ભોજાય સર્વોદય ટ્રસ્ટ હોસ્પિટલ) અને સમાજ સેવા (માનસી-વિકલાંગ બાળકોની સંસ્થા) પુનરુત્થાનમાં અગત્યનો ભાગ ભજવી રહ્યા છે. સમયનાં અભાવે અમે અમારી મંઝિલ તરફ આગળ વધ્યા.

એક પછી એક અબડાસાનાં મહત્ત્વનાં ગામો અમે પસાર કરી રહ્યા હતાં ત્યારે સાભરાઈ ગામની નદી પાસે આવ્યાં અને ઘણા વર્ષો પહેલાં શ્રી રતીલાલ શિવજી લોડાયા (કોઠારા-ઘાટકોપર) (ભુતપૂર્વ મેનેજર શ્રી ૭૨ જિનાલય) સાથે સમસ્ત મહાજનની મિટીંગ કરવા બાઈક ઉપર સવારી કરેલ તે યાદ આવી. અમે પ્રથમ વરાડીયા તરફ ગયા જ્યાં મિટીંગનું આયોજન હતું, ત્યારે સરળતાથી નીકળી ગયા પણ પાછા વળતાં નાય (નદી)માં પુર આવી ગયેલું અને તેથી મેં બાઈકને પુરપાટ દોડાવી નદી એકશ્વાસે પાર કરેલી. હવે તો કચ્છનાં વિકાસમાં નદીઓ ઉપર પુલ બંધાઈ ગયા છે અને વિશાળ હાઈ-વે બની ગયા છે, તેથી અરજણભાઈએ બસને પુરપાટ દોડાવી.

અમારી બસ હવે કોઠારા ગામનાં સુથરી ફાટા પાસે આવી પહોંચી. સુથરી જઈએ તે પહેલાં થોડો સમય હતો એટલે કોઠારા તીર્થની મુલાકાત લેવાનું નક્કી કર્યું.

મુળનાયક શ્રી શાંતિનાથજીનું આ મંદિર કચ્છનું ૧૬૫ વર્ષ (લગભગ) ૭૮ ફુટ લાંબુ, ૬૯ ફુટ પહોળું અને ૭૪ ફુટની લંબાઈ ધરાવતું કચ્છનું પ્રાચીન શિખરબદ્ધ જિનાલય છે. જે તેની ભવ્યતા વિશાળતા અને કલાકારી માટે જાણીતું છે.

કચ્છનાં સાભરાઈ ગામનાં સલાટ નથુભાઈ રાઘવજીની દેખરેખ હેઠળ અથાગ પરિશ્રમથી શેઠ શિવજી નેણશી, શેઠ વેલજી માલુ તથા શેઠ કેશવજી નાયકે આ ભવ્યાતિભવ્ય જિનાલયનું નિર્માણ કરાવેલ. અહીં ઉપાશ્રય, ભોજનશાળા તેમજ અદ્યતન અતિથિગૃહની સગવડત ઉપલબ્ધ છે.

(માહિતી શ્રી પ્રબોધ મુનવર પાસેથી તેમજ તા. ૫-૧૨-૨૦૨૩નાં કચ્છમિત્ર માંથી...)

સંપર્ક સુત્ર : (૦૨૮૩૧) ૨૮૨૨૩૫, મો. : ૯૭૧૨૦ ૮૨૨૩૫ / ૮૯૮૦૦ ૭૧૦૨૪.

દેઢિયા આર્ટ ગેલેરી સંપર્ક : મો. : ૯૦૧૬૨ ૯૯૩૭૮.

યાત્રિકોએ શ્રી શાંતિનાથજીનાં ભવ્ય દર્શન કરી શ્રી દેરાસરજીની ભવ્યતાને અનુભવી બસમાં બેઠા. શ્રી નીતિન સાયલાએ દેરાસજીનાં સાધારણ ખાતામાં યોગ્ય રકમ લખાવી બસમાં પધાર્યા. હવે અબડાસા તાલુકા વિશે અને બે દિવસમાં આપણે મોટી અને નાની પંચતિર્થી કરવાના છીએ તે વિશે ટુંકી માહિતી.

અબડાસા તાલુકો કચ્છનાં પશ્ચિમ કાંઠે આવેલ છે તથા નલિયા તેનું મુંખ્ય મથક છે. અબડાસા તાલુકો કચ્છના અન્ય તાલુકા કરતાં એની બોલચાલ, રીતી-રીવાજો, ખાનપાનથી ઘણો અલગ તરી આવે છે, પણ આ તાલુકાને પણ આધુનિક જમાનાની આબોહવ માફક આવવા લાગી છે, બદલાઈ રહ્યો છે.

આ તાલુકો વડસરના ગરાસદાર વીર જામ જખરા અબડાભંગના નામથી ઓળખાય છે. અલાઉદીન ખીલજીએ સિંધ પર હુમલો કરી ત્યાંના સમા રાજવીઓની સત્તા ઝુંટવી લીધી ત્યારે ''સમા સુમરો અને સોઢા વીરોએ કચ્છનાં રણમાં આશરો લીધો એ સમયે તેમની ૧૬૦૦ સ્ત્રીઓ પર હુમલો થયો ત્યારે એ સ્ત્રીઓ જામ અબડા ના શરણે આવી અને જામ અબડો વીરતાપૂર્વક તેમની રક્ષા કરતાં વીરગતિ પામ્યો. એમની કુરબાનીને જાળવવા નલિયા પાસે રામપર ગામમાં એમનું સમાધિ સ્થળ આવેલું છે અને એમની વીર (અબડા) સ્મૃતિમાં આ વિસ્તારને અબડાસા નામ આપવામાં આવ્યું.

**વધુ આવતાં અંકે**

## પડાણા (એકમનગર) ગાંધીધામ તથા જૈનનગર ભુજના પ્લોટ ધારકો જોગ

પ્રિય જ્ઞાતિ બંધુઓ,

જય જીનેન્દ્ર,

આપણા માદરે વતન કચ્છમાં જમીન-પ્લોટ હોય તો તેના વેંચાણ બાબત

લગભગ એક વરસ પહેલા મેં જ્ઞાતિ મુખપત્ર પ્રકાશ સમીક્ષામાં પડાણા એકમનગર મધેના આપણા જ્ઞાતિબંધુઓના પ્લોટોના વેંચાણ બાબત જાહેરાત આપેલ. જેના અનુસંધાનમાં જ્ઞાતિ બંધુઓ તરફથી સરસ પ્રતિભાવ સાંપડેલ.

અત્યાર સુધીમાં ૯૫ પ્લોટોનું વેંચાણ થઈ ગયેલ છે. અને તે પ્લોટ ધારકોને પેમેન્ટ પણ થઈ ગયેલ છે.

પડાણાના સર્વે નં. ૭૦, ૭૧, ૭૫, ૭૬-૧, ૭૬-૨ છે.

જૈન નગર ભુજના સર્વે નં. ૪૭૧ છે. બંને જગ્યાએ વેંચાણની પ્રક્રિયા ચાલુ થયેલ છે. આપની ઈચ્છા હોય તો અમારો સંપર્ક જરૂરથી કરશો. વિગતવાર હકીકત તમને સમજાવી શકશું.

લગભગ ૨૫/૨૭ વરસો પહેલાં બંને જગ્યાએ આપણાં જ્ઞાતિબંધુઓએ પ્લોટો લીધેલ. કદાચ આપણી પાસે પ્લોટના દસ્તાવેજ જરૂરી ડોક્યુમેન્ટ ન હોય તો તે અમે પ્રયત્ન કરી કઢાવી આપશું. ત્યાં થનાર ખર્ચ વેંચનારે ભોગવવાનો થશે. તદ્ઉપરાંત કોઈ પ્લોટધારકનું અવસાન થયેલ હશે તો તેમના વારસદારો માટે વારસાઈ કરાવવી પડશે. તે પણ યોગ્ય પ્રક્રિયા મારફતે કરાવી આપશું અને ત્યાં જે ખર્ચ થશે તે વેંચનારે ભોગવવાનો રહેશે.

અન્ય ખર્ચામાં પ્લોટોની કાયદાકીય પ્રક્રિયા, વારસાઈ પ્રક્રિયા પુરી કરવા માટે મામલતદાર ઓફીસ, ગ્રામ પંચાયત કે અન્ય જગ્યાએ આવવા-જવાનું થાય તો તે ખર્ચ વેંચનારે ભોગવવાનો રહેશે જેની નોંધ લેશોજી.

સંપર્ક માટે :

**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા (લલાપો)**

**9930008339**

**મહેન્દ્ર વેલજી લોડાયા 9925990943**

આપ સૌના સાથ સહકારની અપેક્ષા સહ અત્યાર સુધી વેંચાણ માટે જે જ્ઞાતિબંધુઓએ અમારામાં વિશ્વાસ મુકી સહકાર આપ્યો તે સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર.

એજ લી. આપનો ભવદીય

**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા (લલાપો)**

ના જય જીનેન્દ્ર-જય જ્ઞાતિ મૈયા

Advt.

|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી સુવિધીનાથાય નમઃ || || શ્રી આદીનાથાય નમઃ || KDO

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - જખૌ

**સ્થાનિક કાર્યાલય :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, મુ. પોસ્ટ જખૌ, તા. અબડાસા (કચ્છ)-૩૭૦ ૬૪૧.

### વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન જખૌ સભ્યો જોગ,

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - જખૌ **વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૦૨-૦૨-૨૦૨૫ ના રોજ બપોરના ૨.૦૦ કલાકે થી ૪.૦૦ કલાકે. પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬** ખાતે રાખવામાં આવશે. જેમાં નીચે મુજબના એજન્ડા રહેશે.

### -: એજન્ડા : કાર્યસુચી :-

૧) ગત વાર્ષિક સામાન્ય સભા તા. ૧૧-૦૨-૨૦૨૪ ની કાર્યવાહીનું વાંચન અને બહાલી.
૨) મહાજનના વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના ઓડીટેડ હિસાબો તથા ઓડીટ રિપોર્ટની રજુઆત અને બહાલી.
૩) વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ની મહાજનશ્રી તથા ટ્રસ્ટની પ્રવૃત્તિઓનો અહેવાલ અને નોંધ લેવી.
૪) શ્રી રત્નટુંક જૈન દેરાસરના વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને તેની નોંધ લેવા.
૫) મહાજનશ્રીના વાર્ષિક હિસાબોના અન્વેષણ કાર્ય માટે વર્ષ ૨૦૨૪-૨૦૨૫ ના કાર્યકાળ માટે ઓડીટરની નિમણુંક તથા મહેનતાણુ નક્કી કરવા બાબત.
૬) જૂના અતિથીગહનું વિર્સજન
૭) નવિન વિવિધ લક્ષી હૉલ અને અન્ય રૂમોનું નિર્માણ
૮) જૂના વાસણો અને બિનઉપયોગી જૂની સામગ્રીનું વેચાણ
૯) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય બાબતો.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ વતી**

લી. માનદ્ મંત્રીઓ : **ચંદ્રેશ વસનજી સોની - રીતેશ કિશોર ખોના**

**નોંધ :** ૧) કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક પછી તેજ સ્થળે મળશે. જેમાં ૧૫ સભ્યોની હાજરી અનિવાર્ય રહેશે.

૨) વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના અન્વેષિત હિસાબો તથા ઓડીટ રિપોર્ટ સભ્યોને જાણ ખાતર શનિવાર તા. ૨૧-૧૨-૨૦૨૪ થી શુક્રવાર તા. ૨૭-૧૨-૨૦૨૪ ના રોજ સવારના ૧૦.૦૦ થી ૧૨.૦૦ અને સાંજના ૪.૦૦ થી ૬.૦૦ દરમિયાન નીચેના સ્થળે ખુલ્લા રાખવામાં આવશે.

૩) હિસાબો સંબંધી કોઈપણ પ્રશ્નો હોય તો તે તા. ૫-૦૧-૨૦૨૫ ના સાંજના ૫.૦૦ વાગ્યા સુધી લેખીતમાં જખૌ દેરાસરમાં મહેતાજી ને આપવું. તેમજ બેલેન્સશીટ કચ્છ ઓફીસથી મળી શકશે. તા. ૨૧-૧૨-૨૦૨૪ થી તા. ૨૭-૧૨-૨૦૨૪ સુધી ૪.૦૦ થી ૬.૦૦ કલાકે દરમિયાન મળી શકશે.

**સ્થાનિક કાર્યાલય :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, મુ. પોસ્ટ જખૌ, તા. અબડાસા (કચ્છ)-૩૭૦ ૬૪૧. ફોન : **93770 88890**

**મુંબઈ કાર્યાલય : શ્રી હંસકુમાર શામજી શિયાલ,** C/o. હેમંત સર્જીકલ ઈન્ડટ્રીઝ લિ., ૫૦૨, એક્સટસી બિલ્ડીંગ, ૫ મા માળા, જે.એસ.ડી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : **96194 84151**

# પ્રતિભાવો

જય જિનેન્દ્ર,

પ્રકાશ સમીક્ષાના શતાબ્દી વર્ષની ઉજવણી રૂપે બહુ જ સરસ કાર્યક્રમ કર્યો. ખૂબ ખૂબ અનુમોદના. પ્રકાશ સમીક્ષા માટે સમય અનુસાર લેખ, કવિતા, અથવા પ્રસંગોપાત સમાચાર મેળવી આપનારા , પ્રતિનિધિ તરીકે કામ કરનારા સૌ નાના – મોટાને યાદ કરીને તેમનું બહુમાન કર્યું એ ખૂબ સુંદર કાર્ય કર્યું. આ પ્રસંગ પ્રકાશ સમીક્ષાની ગરિમા જાળવી રાખી. સાથે સાથે ઉભરતા લેખકો, ગેસ્ટ એડિટર તરીકે કામ કરતા youngsters ને પણ પ્રોત્સાહન આપ્યું તે જોઈ ને આનંદ થયો.

મને પણ મારા જૂના દિવસો યાદ આવી ગયા. જ્યારે હું કોઈ લેખ અથવા કવિતા લખતી અને એ પ્રકાશ સમીક્ષામાં છપાતી ત્યારે ખૂબ આનંદ થતો. નવી મુંબઈ આવ્યા બાદ ઘેર – ઘેર જઈને લવાજમ ભેગા કરતી અને મોકલતી ત્યારે પણ વિશેષ આનંદ એટલા માટે થતો કે એ બહાને લોકોને મળવાનું થતું, એમના વિચારો જાણવા મળતા. એટલે જ તો લવાજમ જ્યારે રૂપિયા પચ્ચીસથી પચાસ થયું ત્યાં સુધી ઠીક હતું. અચાનક લવાજમ રૂપિયા અઢીસો કરી નાખ્યાં ત્યારે ઘણાંએ નારાજી પણ વ્યક્ત કરી હતી. જોકે થોડા સમય બાદ એ સંપૂર્ણ રીતે નિઃશુલ્ક થઈ ગયું. હું ૨૦૧૫માં જ્યારે શ્રી અનંતનાથ ટ્રસ્ટની ટ્રસ્ટી બની ત્યાર બાદ તે સમયના તંત્રી શ્રી આર. આર. નાગડાએ મને કહ્યું કે હવે તમે આટલા મોટા ટ્રસ્ટના મોભી પદ પર છો તો તમારે હવે પ્રકાશ સમીક્ષાના પ્રતિનિધિ તરીકે કામ ન કરવું. ત્યારે મેં પ્રતિનિધિ તરીકે કામ છોડ્યું પરંતુ મારું લખવાનું થોડું ઘણું ચાલુ જ રાખ્યું છે. ''પ્રકાશ સમીક્ષા'' એ મારા માટે હંમેશા ખૂબ મહત્વ ધરાવતું હતું, ધરાવે છે અને હંમેશા રહેશે .

**– માલતી હરીશ ધરમશી**
**જખૌ (નવી મુંબઈ)**

***

પ્રકાશ સમીક્ષાના શતાબ્દી મહોત્સવ પ્રસંગે ખુબ ખુબ અભિનંદન પાઠવું છું અને આ કાર્યક્રમની ઝળહળતી સફળતા ઇચ્છુ છું.

પ્રકાશ સમીક્ષાની શરૂઆતની સફરથી આજદિન સુધી દરેક તંત્રીઓએ પોતાની જવાબદારી જોગ સંજોગ પ્રમાણે સમયસર સારી રીતે અદા કરી તેમાં શ્રી સનતભાઈ શાહનો ફાળો ખરેખર કાબિલે દાદ રહ્યો.

મારે જૂન ૧૯૭૨ અને ૧૯૭૬ માં એસ.એસ.સી. અને બી.કોમ.નું રીઝલ્ટ અને ફોટો પ્રકાશિત કરવા માટે તેમને રૂબરૂ મળવાનું થયું ત્યારે તેઓ એ પોતાના વ્યસ્ત સમયમાંથી ઊભા થઈને મને શાબાશી આપી તે મારા માટે એક અવિસ્મરણીય અનુભવ હતો. આમ તેઓ જ્ઞાતિજનોની શૈક્ષણિક કારકિર્દી માટે કેટલા ચિંતિત હતા તે અનુભવ્યું.

શ્રી સનતભાઈ શાહ પ્રકાશ સમીક્ષાના પથદર્શક, રાહબર, સચોટ અને નીડર તંત્રી હતા.

જ્ઞાતિનું મુખપત્ર પ્રકાશ સમીક્ષા એટલે જ્ઞાતિમાંથી અંધકારને દૂર કરવો અને સાચી, સફળ, નૈતિક નીતિની સમીક્ષા કરવી. પ્રકાશના તંત્રી લેખો જ્ઞાતિને સાચી દિશાની દોરવણી અને રાહ આપે છે.

ચર્ચાના ચોતરે વિભાગ જ્ઞાત કરાવે છે કે વર્ષોથી આપણી જ્ઞાતિમાં લોકશાહી પ્રવર્તે છે.દરેક જ્ઞાતિજન પોતાના વિચારો, મંતવ્ય નીડરતાથી રજૂ કરે છે અને તંત્રીઓ તે પક્ષપાત વિના પ્રકાશિત કરે છે.

જીવનચક્ર દ્વારા આપણી જ્ઞાતિમાં કોને ત્યાં જન્મ, સગપણ, લગ્ન અને મરણની વ્યવસ્થિત જાણકારીથી વાકેફ રહીએ છીએ. આવી રીતે પ્રકાશ સમીક્ષા જ્ઞાતિની એક ઉત્કૃષ્ઠ સેવા કરે છે જેને આપણે હોંશભેર વધાવવી જ પડે.

અંતમાં પ્રકાશ સમીક્ષા ઝિંદાબાદ

**– દીપક પાસવીર નાગડા**
**રંગપુર (અમદાવાદ)**

આપણે સૌ રાહ જોઈ રહ્યા હતા તે જ્ઞાતિપત્રક ''પ્રકાશ સમીક્ષા'' બહુજ લાંબી સફર ખેડી તા.૧/૧૨/૨૦૨૪ ના રોજ પોતાના શતાબ્દી મહોત્સવની ઉજવણી કરી રહ્યું છે. તેનો આનંદ તો આપણને છેજ અને હોવો પણ જોઈએ જ.

આ લાંબી સફરના સાથીઓ, સૌ ટ્રસ્ટી મહાશયો, જ્ઞાતિ મહાજનો, જ્ઞાતિ સંસ્થાઓ, જ્ઞાતિજનો, પ્રતિનિધિઓ, લેખકો, કવિઓ, જાહેરાતો દ્વારા ભંડોળ પુરનાર સૌ હિતચિંતકો જેઓએ પ્રકાશ સમીક્ષા પ્રત્યે પોતાની ચાહના દાખવી છે તેમનો સૌનો આભાર વ્યક્ત કરતાં ધન્યવાદ અર્પણ કરું છું.

આજના આ પ્રસંગે તંત્રીશ્રી શ્રીયુત સનતભાઇ શાહને કેમ ભુલી શકાય? કે જેઓ કર્મયોગી તો હતા જ, જ્ઞાતિ હિતચિંતક, નિડર, નિષ્પક્ષપાતી હતા. તેમના પ્રકાશ સમીક્ષામાં યોગદાનને કેમ ભુલાય. આજે એમની હાજરી

હોત તો શતાબ્દી મહોત્સવનો આનંદ અનેરો હોત, પરંતુ એમના આત્માને આજે આનંદની અનુભૂતિ તો થતીજ હશે.

અંતમાં પ્રકાશ સમીક્ષાની જ્ઞાતિ સેવાની જ્યોત નિરંતર પ્રજ્વલિત છે તેનો પ્રકાશ દુર દુર સુધી પોતાનો પ્રકાશ પાથરતો રહે એવી અંતઃકરણ પુર્વક શુભેચ્છા વ્યક્ત કરું છું.

**મેઠી કેતરી આય ન્યારો**

પ્રકાશ જે કિરણમેં ઉજારો આય બહુ સારો
કારો ન ધોરો પણ ઉજ્જ્વલ આય બોરો
શતાબ્દી જે નજીક અચી વ્યો એનજો વારો
સનત ભાઈજી આશાજો હો હી મિનારો
મિડિંકે ભેરો ખણી હલેતો પાંજો પ્રકાશ પ્યારો
ક્ષારજો પાણી ત ખારો ને ખારો પણ,
''પ્રકાશ'' જી વાણી, મેઠી કેતરી આય ન્યારો

**- શાંતિલાલ રામજી લાલકા, હુબલી.**
**(પ્રતિનિધિઃ શિશુ મહેલ સંપાદક)**

***

પ્રકાશ સમીક્ષાના શતાબ્દી સમારોહની ઉજવણીમાં એક અદના પ્રતિનિધી તરીકે સામેલ થવાનું આમંત્રણ આપતો શ્રી શૈલેશભાઇનો ફોન આવ્યો, મને આશ્ચર્ય સાથે ગર્વ થયો કે વાહ આવા પ્રકાશ પુંજનો હું પણ એક કિરણ છું.

૧૧ નવેમ્બર ૨૦૨૪ માટુંગા ખાતેના કાર્યક્રમમાં મને મંચ પર બધા જ્ઞાતિજનો સમક્ષ સન્માનિત કરવામા આવ્યો ત્યારે મન પુલકિત થઇને ફ્લેશબેકમા જતું રહ્યું.

જન્મથી ૯-૧૦ વરસ સુધીનું મારું બાળપણ (૧૯૫૩ -૧૯૬૩) મરાઠાવાડાના સેલૂ ગામે વીત્યું, જ્યાં આપણી જ્ઞાતિના સ્વાતંત્ર્ય સેનાની શ્રી વેલજી વિશનજી ધરમશી (સુથરી) જેમને આખું ગામ કાકા તરીકે ઓળખે, અને તેઓ એ સમયના પ્રકાશ સમીક્ષાના પ્રતિનિધી તરીકે ૧૦-૧૫ ઘરોમા પ્રકાશ સમીક્ષા પહોંચાડતા અને એમા પુજ્ય શ્રી સનતભાઈનું નામ બતાવી એ મને કહેતા જો તમારું નામ આવ્યું અને હરખાઇને એમના નામ પર આંગળી મુકીને હું લોકોને બતાવતો.

**- સનત કુંવરજી ખોના**
**જખૌ(ડોંબિવલી)**

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

pranam.

1st December program was excellant.

Very systematic approach. Congrats Sir.

PS 100 recd. Coffee Book speaks excellancy.

All your efforts for the development of our community. Are most appreciable.

May god bless you saheb.

Regards,

**- Kulinkant Champshi Luthia, Mulund**

***

Congratulations to team Prakash Samiksha for successfully hosting two events, under the able leadership of Shri Hirachandbhai Dand, during the centenary year celebration of Prakash Samiksha Publication.

**- Pravin Shamji Dharamshi, Surat**

***

Grand function.

Congratulations to you and your team.

Keep it up.

**- Ghanshyam Lalka , Ghatkopar**

***

I liked the way Prakash Samiksha honoured each and every individual who was some or the other way associated.

**- Jyoti khona Dedhia**

***

Dear HEERACHANDBHA.

CONGRATULATIONS

Really you have taken GREAT TIME & PUT GREAT EFFORTS to make PRAKASH SHAMIKSHA CENTURY MAHOSTAV a K.D.O. WORLD-WIDE CELEBRATION DAY.

Also apart from enjoying OLD SONGS , We could have DARSHAN of our MANY MANY RELATIVES & FRIENDS & ALSO MANY WELWISHERS.

THANK YOU. Regards

**- Premchand Motta, Kolkata**

***

Thanks , Hirachandbhai,

Received SHATABDI VISHESH & SMRUTI VISHESH.

Both wonderful classic books prepared with lots of love and research. One can imagine the hardwork & imagination behind such extraordinary work.

Congratulations once again to you & all. Really appreciate the information & insight provided in these two gems.

**- Bhartiben Premchand Nagda, Chembur**

# પ્રતિભાવ

સાહિત્ય જગત જેવું સમૃદ્ધ વિશ્વમાં કાંઈ નથી, સમય પ્રમાણે વિચારો બદલાય, આચરણ બદલાય, પદ્ધતિ બદલાય અને સાથોસાથ લખાણના ભાવ પણ બદલાય.

આપણી ગૌરવશાળી જ્ઞાતિના દીર્ઘદ્રષ્ટાઓ ધ્વારા આજથી એક્સો વર્ષ એટલે એક સદી પહેલાં સમાજના સમાચારો સમાજ સમક્ષ રજુ કરવા એક સબળ માધ્યમ અનિવાર્ય છે તેવા ઉમદા વિચારો સ્ફૂર્યા હશે, તેનાં ઉપર બૃહદ ચર્ચાઓ થઈ હશે તેમ છતાં મનમાં અડગ નિર્ધાર કરી જ્યારે પ્રકાશ સમીક્ષાનો પ્રથમ અંક લગભગ સને ૧૯૨૪માં પ્રસિદ્ધ થયો હશે અને જાણે જ્ઞાતિજનો મનમાં એક નવસંચાર થયો હશે જેને શબ્દોમાં વર્ણવું કલ્પનાતીત છે. ત્યારે પણ ઘણાં સકારાત્મક અને નકારાત્મક બંને પ્રતિભાવ સાંપડયા જ હશે જે સ્વાભાવિક છે.

એક તો ગુલામીની બેડીઓમાં જસડાયેલ આપણો દેશ, તેમાં એક જ્ઞાતિપત્ર વિદેશી સામ્રાજ્ય સામે હિંમતભેર લડત આપી ક્યાંક જાહેરમાં તો ક્યાંક ગુપ્તપણે સતત પ્રસિદ્ધ થતું રહ્યું જે આપણા સમાજના દરેકેદરેક જ્ઞાતિજન માટે ગૌરવાંકિત કરનાર ઘટના ગણાય.

વધુમાં અત્રે ઉલ્લેખનીય રહેશે કે એકસો વર્ષ પહેલાં પણ જે આર્થિક વિટંબણા હતી તે જ સમયાંતરે સાથે ને સાથે જ રહેવા પામી છે, તેમ છતાં સમાજના નીડર અને બાહોશ તંત્રીઓ તથા સમગ્ર ટીમના સહિયારા પ્રયત્નોને પરિણામે ક્યારેક તો ગાંઠના ગોપીચંદન કરીને પણ પ્રકાશ સમીક્ષા પ્રકાશન અવિરતપણે ચાલુ રહ્યું તે બદલ તેઓ સર્વે આદર સહ વંદનીય છે.

સમયની સાથે સાથે પ્રથમ તથા દ્વિતીય વિશ્વયુદ્ધ અને સ્વતંત્રતા ચળવળ તથા સમાજનો વિરોધ ઈત્યાદી અનેક કઠીનાઈઓનો હિંમત અને ધીરજપૂર્વક સામનો કરી રજતજયંતિ, સુવર્ણ જયંતિ, હીરક જયંતિ, પ્લેટીનમ જયંતિની ઉત્સાહભેર ઉજવણી કરતાં કરતાં આજે આપણું મુખપત્ર શતાબ્દી મહોત્સવની ઉજવણી કરવા સક્ષમ બન્યું જેમાં તન મન ધનથી સહયોગ આપનાર આજીમાજી તંત્રીઓ, પદાધિકારીઓ, સમિતિના સભ્યો તથા માનદ સેવા આપતાં સભ્યો પ્રતિ જેટલો આભાર વ્યક્ત કરવામાં આવશે તે ઓછું જ કહેવાશે.

આજે આપણું આ મુખપત્ર એક ચોપાનિયું બની ના રહેતા દરેક પરિવારજનો માટે પોતીકું સામાયિક બની રહ્યું છે. જેમાં જન્મ, મરણ, વેવિશાળ, પરિણય, ચર્ચાને ચોતરે, સંસ્થા સમાચાર, અભિનંદન, સમાજનું ગૌરવ ઈત્યાદી કોલમો ઉપરાંત મુખ્યત્વે વિવિધતા સભર તંત્રી લેખો પ્રસિદ્ધ થતાં રહ્યાં છે. તેમજ સમયની સાથેસાથ અનિવાર્ય ફેરફારો દ્વારા નવા રૂપરંગના વાઘા પણ ધારણ કરી લીધા છે જેને કારણેજ ડીજીટલ સ્વરૂપે પણ આવકારદાયક બની રહ્યું છે. કોઈ પણ મુખપત્ર, સામાયિક કે વર્તમાનપત્ર સાહિત્ય વિના સંપન્ન થાય તે શક્ય જ ના હોય, જેથી શતાબ્દી દરમિયાન સમાજના અનેક સિદ્ધહસ્ત તથા નવોદિત લેખકો દ્વારા પૂરું પાડવામાં આવેલ રસપ્રદ સાહિત્ય સર્જન બદલ તેઓ પ્રતિ પણ અભિવાદન. શતાબ્દી પૂર્વ હાથમાં લીધેલ સમાજ જાગૃતિની મશાલ આમ જ ઝળહળતી રહે તેવી અંતરની શુભકામનાઓ અને છેલ્લે..

પ્રકાશ સમીક્ષાના સાહિત્ય સર્જન યાત્રા શતાબ્દી મહોત્સવની શાનદાર ઊજવણી બદલ ખૂબ ખૂબ અભિનંદન. સાથોસાથ શતાબ્દી મહોત્સવમાં વિશ્વાસપૂર્વક મારા લાયક નાનકડી કામગીરી સોંપી આંશિક સહભાગી થનાર મુજને ઉચિત માન સન્માન આપવા તેમજ એક સદી પૂર્વે પ્રકાશની પ્રારંભથી ઘણા વર્ષો પર્યંત પર્દા પછવાડે રહી મારા દાદાજી લક્ષ્મીચંદ વિરજીભાઈ લાપસીયાએ આપેલ ઉત્તમોત્તમ યોગદાનને જાહેરમાં બિરદાવી અમારા પરિવારનું ગૌરવ વધારવા બદલ હૃદયપૂર્વક આભાર.

**- જ્ઞાનેશ જયચંદ લાપસિયા-મુલુંડ**


**❊ પ્રસંગ તમારો શણગાર અમારો ❊**

**તમારા પ્રસંગને અનુરૂપ મેક-અપ, હેરસ્ટાઈલ અને સાડી તથા દુપટ્ટાની સ્ટાઈલીંગ માટે બોલાવો**

*Hezal Shah Makeovers*

**96992 13991 / 89764 51040**

**insta in - hezalshah_Makeovers**

**(Mumbai based work globally)**

Hezal Shah Makeovers

**Make-up, Hairstyle and Saree draping for all your Happy occasions**

જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી દાદા

# શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ

# શ્રી વરાડીયા ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન

(વરાડીયા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦૪૯૦ )

## નોટીસઃ વાર્ષિક સામાન્ય સભા

શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ તથા શ્રી વરાડીયા ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજનની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા.૧૧ મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ બપોરે ૨.૩૦ ક. શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, કસ્તુરબા રોડ / વાલજી લધા રોડ, મુલુંડ વેસ્ટ, મુંબઈ ૮૦ મધ્યે બોલાવવામાં આવેલ છે. વરાડીયા મહાજનના સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

**: એજન્ડા - કાર્યસૂચી :**

૧) ગત વાર્ષિક સામાન્ય સભા તા. ૦૭-૦૧-૨૦૨૪ની મિનિટસ્નું વાંચન તથા બહાલી બાબત

૨) ગત વાર્ષિક સામાન્ય સભાની તારીખથી અત્યાર સુધીની ટ્રસ્ટ/ મહાજનની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કરવા બાબત

૩) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના ઓડીટેડ હિસાબો તથા ઓડીટ રિપોર્ટની રજુઆત તથા બહાલી આપવા બાબત

૪) નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના વર્ષ માટે ઓડીટરની નિમણૂક કરવા બાબત

૫) વરાડીયામાં આવતા વર્ષે સન ૨૦૨૫માં કોઈ સાધુ- સાધ્વીજી ભગવંતોનું ચાતુર્માસ, જિનાલયના ૧૨૩મા ધ્વજારોહણ તથા પર્યુષણ મહાપર્વની ઉજવણી અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવા બાબત

૬) વરાડીયા મુકામે નુતન અતિથિ ગૃહના નિર્માણ માટે વિગતો તથા પ્લાન રજુ કરી આ પ્રોજેક્ટમાં આગળ વધવા આર્કિટેક્ટની નિમણૂંક કરી વિધિવત ટેન્ડર મંગાવવા બાબત સભાની સૈધ્ધાંતિક મંજૂરી મેળવવા તથા દાતાઓ માટે ચર્ચા વિચારણા કરવા બાબત.

૭) જૂની આયંબીલવાડી તથા માતુશ્રી રતનબાઈ રાઘવજી કાનજી મોમાયાએ અર્પણ કરેલ જગ્યા અને બાજુમાં આવેલ જગ્યા ઉપર સ્ટાફ ક્વાર્ટર્સ અને / અથવા આવાસ યોજના સાકાર કરવા બાબત ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવા બાબત

૮) પ્રમુખશ્રીની સંમતિથી અન્ય કાર્યવાહી.

**નોંધઃ**

૧) વર્ષ ૨૦૨૩-૨૪ ના ઓડીટેડ હિસાબો તા. ૦૪ અને ૦૫ જાન્યુઆરી ૨૦૨૫ના સાંજે ૪.૦૦ થી ૬.૦૦ ક. સુધી ટ્રસ્ટી - ખજાનચી શ્રી દીપક ગંગાજર શાહ (ડાઘા)ના નિવાસસ્થાન (એ-૧૨૦૩, મહાવીર રેસીડેન્સી, બાલ રાજેશ્વર મહાદેવ મંદિર પાસે, એલ. બી. એસ. માર્ગ, મુલુંડ વેસ્ટ, મુંબઈ ૮૦) ખાતે તપાસવા ખુલ્લા મુકવામાં આવશે.

૨) કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક પછી એ જ સ્થળે મળશે જેને કોરમની આવશ્યકતા નહીં રહે.

૩) એજન્ડાને લગતા/સિવાયના સવાલો કે સુચનો મિટિંગના દિવસથી પાંચ દિવસ અગાઉ લેખિતમાં મોકલી આપવા.

૪) સભા બાદ અલ્પાહારની વ્યવસ્થા છે.

લી.

**શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ વતી**

**પદમશી લાલજી લોડાયા (સેક્રેટરી)**

**મો. 93228 27085 / 79772 68578**

તા. ૨૦.૧૨.૨૦૨૪, મુંબઈ

જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી દાદા

# શ્રી વરાડીયા ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન

## વરાડીયામાં પ. પુ. મુનિરાજ શ્રી હિતવર્ધન સાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં સં. ૨૦૮૦-૮૧ વર્ષના ચાતુર્માસના ચમકારા

**પાવન નિશ્રા :** અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબની અમી દ્રષ્ટિ અને કૃપાથી, પ. પુ. ઉપાધ્યાય શ્રી પુર્ણભદ્રસાગરજી મ. સા.ના શિષ્ય રત્ન ૪૦ વર્ષના દીર્ઘ સંયમી, પ્રવચન પ્રભાવક અને સળંગ ૩૨મા વર્ષીતપના આરાધક, ગુણીયલ ગુરુદેવ **પ. પુ. મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ. સા.**

**ચાતુર્માસ પ્રવેશ :** સં. ૨૦૮૦ આષાઢ સુદ ચૌદસ, **તા. ૧૯.૦૭.૨૦૨૪.**

– ૧૩ વર્ષના લાંબા સમય બાદ વરાડીયામાં ગયા વર્ષે ધ્વજારોહણ મહોત્સવ દરમિયાન ઉદ્દ્ઘાટન થયેલ નુતન ઉપાશ્રયમાં **પ્રથમ ચાતુર્માસ.**

**ચાતુર્માસ ફંડ :** પર્યુષણ સાધર્મિક ભક્તિના દાતાઓના સહયોગથી ચાતુર્માસના ચાર મહિના દરમિયાન વરાડીયા મહાજન તરફથી ટ્રસ્ટી શ્રી નલિન ડાઘા તથા ભોજનશાળા કોન્ટ્રાકટર શ્રી નરેન્દ્રભાઇ લોડાયાની નિગરાનીમાં સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિ તથા પધારેલ ભાવિકોને અતિથિગૃહમાં તથા ગામવાસીઓના સહકારથી રહેવાની નિઃશુલ્ક સુંદર વ્યવસ્થા.

**ચાતુર્માસના લાખેણા દાતા રૂા. ૧.૦૦ લાખ :** (૧) સ્વ. સૌ. ભાનુમતી બેન કરમચંદ આણંદજી વિકમશી, હુબલી (૨) વરાડીયાની ક.દ.ઓ. નિયાણી બેનો.

**ચાતુર્માસના સુવર્ણ દાતા રૂા. ૫૧,૦૦૦/-:** (૧) સ્વ. સૌ. મણીબાઈ વેલજી ડોશાભાઇ ડાઘા હ. સૌ. આશાબેન દીપક ડાઘા.(૨) શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ (૩) માતુશ્રી કસ્તૂરીબાઈ હંસરાજ પરબત લોડાયા હ. સૌ. હીનાબેન જિતેન્દ્ર લોડાયા.

– ઉપરાંત ૧૮ રજત દાતાઓ **(રૂા. ૨૫,૦૦૦/-)** સહિત ૯૦ દાતાઓ દ્વારા કુલ રૂા. ૧૩.૦૯ લાખ જમા.

– પ. પુ. મ. સા.ની પ્રેરણાથી પ્રવેશના દિને ૫ ટ્રસ્ટીઓ સહિત **૨૦૦ ભાવિકોની** હાજરીમાં ૨૧ આયંબિલ તથા ત્યારથી ભાદરવા સુદ છઠ્ઠ સુધી સાંકડી આયંબિલ તપસ્યા.

– ૧૨૨ મા ધ્વજારોહણને અનુલક્ષીને એક આની = રૂા. ૧૨૨/- પ્રમાણે સર્વ સાધારણ ફંડમાં ૨૩૦ ભાવિકોએ નોંધાવેલ **૪,૫૫૧ આનીના રૂા. ૫.૫૫ લાખ જમા,** જેમાં શ્રી વરાડીયા વહુ રાણી ગ્રુપની ૬૦૩ તથા સ્વ. સૌ. ભાનુમતીબેન કરમચંદ વિકમશી પરીવારની ૫૩૨ આની.

**– ૧૨૨મા ધ્વજારોહણ મહોત્સવના મુખ્ય લાભાર્થી :** શ્રી વરાડીયા વહુ રાણી ગ્રુપ. ૯ ટ્રસ્ટીઓ સહિત ૧૫૦+ ભાવિકો સહ ચતુર્વિધ સંઘની હાજરી. જેમાં ૧૬ તપસ્વીઓના આયંબિલ થયા. મુખ્ય લાભાર્થીના રૂા. ૧.૫૩ લાખના નકરા ઉપરાંત ધ્વજારોહણ મહોત્સવમાં ઘૃત ૩૪,૪૯૦ મણ.

**પર્યુષણ પર્વની ભવ્ય આરાધના:** સ્વપન મહોત્સવના ૧,૨૬,૨૫૮ મણ સહિત કુલ ઘૃત ૧,૬૦,૪૦૧ મણ. કલ્પસુત્ર : મા. લક્ષ્મીબાઈ મુલજી પરબત લોડાયા તથા મા. નવલબાઈ ઘેલાભાઈ મૈશેરી – મણ ૯૯૯ તથા પારણું : મા. દક્ષાબેન દેવેન્દ્ર કુંવરજી પટેલ- મણ ૯૯૯.

પર્યુષણમાં નીચે મુજબ ૪ ટ્રસ્ટી સહિત ૧૩ ભાવિકોના **૮ કે વધુ ઉપવાસની તપસ્યા.**

**૧૧ ઉપવાસ :** (૧) પદમ લાલજી લોડાયા,

**૯ ઉપવાસ :** (૨) દીપક ગંગાજર ડાઘા (૩) ખમાબેન ધર્મેન્દ્ર નાગડા, (૪) સૌ. મણીબાઈ મધુકાંત પાસવીર મોમાયા (૫) સૌ. રોહિણી કિર્તીકુમાર નેણશી મોમાયા, (૬) સૌ. ચિત્રા પદમ લાલજી લોડાયા, (૭) સૌ. જ્યોતી મુરજી નેણશી મોતા (૮)સૌ. સુનિતા ખિરેશ શામજી ડાઘા,

**૮ ઉપવાસ :** (૯) રતિલાલ શામજી મોમાયા (૧૦)નલિન રતનશી ડાઘા (૧૧) સૌ. મનિષા કિરણ સોમચંદ મોમાયા (૧૨) લિખેશ દામજી મોમાયા, (૧૩)સૌરભ લાલકા ( મેનેજર).

**પર્યુષણ પર્વ માટે નવ દિવસના સાધર્મિક ભક્તિના દાતાઓ :** (૧) મા. ગંગાબાઇ નરશી જેઠાભાઈ દંડ (૨) મા. મધુબેન મહેન્દ્ર હંસરાજ ડાઘા (૩) શા. પદમશી નરશી મોમાયા (૪) સ્વ. શ્રી હરીશ જયંતિલાલ લધાભાઈ મોમાયા (૫) સ્વ. જયેશ સરોજબેન દામજી વિકમશી

(૬) મા. પુરબાઈ કુંવરજી જેઠાભાઈ દંડ (૭) મા. રાજબાઈ કેશવજી વેલજી મોમાયા, (૮) મા. રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા (૯) સ્વ. સૌ. ભાનુમતીબેન કરમચંદ આણંદજી વિકમશી.

પર્વ દરમિયાન હાજર **૪ ટ્રસ્ટીઓ સહિત ૪૦** જેટલા ભાવિકોએ સંવત્સરીના દિવસે પૌષધ વ્રતની આરાધના કરીને સાહેબજીના ૪૦ વર્ષના દીર્ઘ સંયમ જીવનનું અભિવાદન કર્યું.

– પર્યુષણ બાદ ૧૫ સંસ્થાઓને **જીવદયા** પેટે વરાડીયા મહાજન તરફથી રૂા. ૭૦,૦૦૦/– નું અનુદાન.

**– ચાતુર્માસ દરમ્યાન દરરોજ પર્યુષણ જેવો માહોલઃ** વહેલી સવારે રાઈ પ્રતિક્રમણ, સવારના પ્રેરણા દાયક વ્યાખ્યાન પહેલાં સામાયિકમાં ભક્તામર સ્તોત્ર પઠન. દરરોજ રૂા. ૫/– કે વધુની પ્રભાવના. બપોરે સામાયિકમાં શ્રી સિધ્ધ ચક્ર આરાધના માટે એક સદગૃહસ્થના સૌજન્યથી રૂા. ૨૦/–ની પ્રભાવના. સાંજે દેવશીય પ્રતિક્રમણ. રાત્રે રમણીય આંગી તથા ભક્તિ ભાવના.

અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત **શ્રી ગુણસાગરસુરીશ્વરજી મ. સા.**ની ૩૬મી પુણ્યતિથિ ભાદરવા વદ અમાસ થી આસો સુદ બીજના અઠ્ઠમ તપ આરાધનામાં ૯ ભાવિકો જોડાયાં હતા.

**આસો માસની શાશ્વતી ઓળી**માં ૧૪ ભાવિકો જોડાયાં હતાં. આસો માસની આયંબિલ ઓળીના લાભાર્થી મા. વિજયાબેન મહેન્દ્ર દેવજી ખોના પરીવાર (અમદાવાદ– આરીખાણા) હતાં. પુનમના દિવસે ૨૧ આયંબિલ.

– એ પછી સાહેબજીની પ્રેરણાથી ૬ ભાવિકોએ **વર્ધમાન તપ આયંબિલનો** થડો બાંધ્યો. એમની અનુમોદનાર્થે પુ. સાહેબજીના સંસારી માવિત્ર મા. કેશરબેન ડાહ્યાભાઈ રવજી ગડા હ. બચુબેન જયંતિલાલ ગાલા તરફથી **ટ્રોલી બેગ** તથા શ્રી જિનેન્દ્ર ભક્તિ સમર્પિત ચૈત્ય પરીપાટીના સંઘમાતા મા. ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા તરફથી **કાંસાના ડીનર સેટ**ની પ્રભાવના.

– પર્યુષણ મહાપર્વ બાદ ચૈત્ય પરિપાટી રૂપે ૨૫ જેટલા સંઘો દર્શન અને વંદન કરવા વરાડીયા પધારેલ ત્યારે તેમનું રૂા. ૨૦ થી સંઘપુજન થયેલ. શ્રી જિનેન્દ્ર ભક્તિ સમર્પિત ચૈત્ય પરિપાટીના ૪૦૦થી વધુ સંખ્યામાં પધારેલ યાત્રિકોને વરાડીયાના પ્રખ્યાત લાકડીયા ગાંઠીયાની પ્રભાવના.

**– ચાતુર્માસ દરમિયાન** વરસીતપ આરાધક પુ. સાહેબજી માટે એકાંતરા દિવસે શ્રી વસંતભાઈ રતનબાઈ કુંવરજી પટેલને પોતાની વાડીના લીલા નાળિયેરનું પાણી તથા શ્રી ખીરેશ શામજી ડાઘાને ગાયનું દુધ વહોરાવવાનો અનેરો લ્હાવો.

**દંતાણી તિર્થની** યાત્રા રથનું ઉમળકાથી સ્વાગત.

**ચાતુર્માસ પુર્ણાહુતી બાદ** તા. ૧૭.૧૧.૨૪ ના પૂજ્યશ્રીના સ્થાનિક ઠાણા–ઓ–ઠાણા તથા તા. ૧૮.૧૧.૨૪ ના ૭૨ જિનાલય તરફ વિહાર. એ વખતે ચાર ટ્રસ્ટીઓની હાજરી.

ટ્રસ્ટી શ્રી પદમ લોડાયા, શ્રી દીપક ડાઘા તથા શ્રી નલિન ડાઘા ઉપરાંત વિજયાબેન તથા ભરત મુલજી લોડાયા, જયોતિ મુરજી મોતા, ચિત્રા પદમ લોડાયા, ચંદનબેન સોમચંદ મોમાયા તથા રમેશ ધનજી દંડ વગેરે ભાવિકોની ચાર મહિના સુધીની હાજરી. અન્ય ભાવિકો ધ્વજારોહણ, પર્યુષણ, આયંબિલ ઓળી દરમ્યાન/ આગળ– પાછળ હાજરી.

સ્થાનિકે સાધર્મિકોની ઓછી વસ્તી અને પ્રતિકુળ સંજોગોમાં પણ પર્યુષણ પર્વ સહિત ચાતુર્માસની સરસ આરાધના થઈ અને તપશ્ચર્યાની હેલી વર્ષી. ચાતુર્માસ દરમ્યાન **સ્થાનિકો તથા દેરાસરજીના સ્ટાફ** તરફથી પણ સંઘને સારો સાથ સહકાર આપવા બદલ એમની તથા **બહારગામથી પધારનાર નિયાણી બેનો સહ સર્વ ભાવિકોની ભુરી ભુરી અનુમોદના.**

**ભોજનશાળા :**

**મા. માંકબાઈ લધાભાઈ મોમાયા પરીવાર** ના સહયોગથી છેલ્લા ૧૧ વર્ષ થી સતત ચાલુ રહેલ ભોજનશાળા અનિવાર્ય સંજોગોને કારણે તા. ૦૧.૧૨.૨૦૨૪ થી બંધ કરવામાં આવેલ તે ટ્રસ્ટી શ્રી નલિન ડાઘાના પ્રયત્નોથી તા. ૧૭.૧૨.૨૦૨૪થી ફરી રાબેતા મુજબ શરૂ કરવામાં આવેલ છે.

**– શ્રી તિલકચંદ કરમચંદ વિકમશી, મેનેજિંગ ટ્રસ્ટી**

**શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ.**

**આરોગ્ય પ્રકાશ**

# અન્ન અને આરોગ્ય – ૧

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,

M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



**૧) પપૈયા :** પપૈયા સૌથી શ્રેષ્ઠ ફળ છે. ફળોનો રાજા છે એમ કહીએ તો ય ચાલે. છેલ્લા બે વર્ષથી WHO એ એને સૌથી વધુ પૌષ્ટીકતા ધરાવતા ફળ તરીકે પસંદ કર્યું છે. ભલે સફરજનના વખાણ થતા આવ્યા છે. પણ સફરજન કરતાં ૨ ગણું કેલ્શિયમ, ૧૩ ગણું vit-c, કેળાં કરતા ૭ ગણું, કલીંગર કરતા ૭ ગણું અનાનસ કરતા ૧-૩ ગણું, ચેરીસ કરતા ૮ ગણું vit-c એ ધરાવે છે. એમાં vit-A સફરજન કરતાં ૧૮ ગણું, પેરૂ કરતા ૧.૫ ગણું, કેળા કરતા ૧૫ ગણું, કલીંગર કરતા ૧.૫ ગણું, અનાનસ કરતાં ૧૬ ગણું હોય છે. vit-c કેળા કરતાં ૫ ગણુ, કલીંગર કરતા ૨૫ ગણું, અનાનસ કરતા ૪ ગણું હોય છે. ઉપરાંત કેરોટેનોઈડ્સ લાયકેલીન, બેટા કેરોટીન, લુટેન અને ઝીઅકશથીન જે સફરજન, કેળા, અનાનસ, પેરૂ, કીવીસ, ચેરીમાં હોતા જ નથી. આમ પપૈયા ફળોનો રાજા છે. ઉપરાંત vit-B અને D, રેષા હોય છે. પપૈયા આંખોના, મૂત્રાશય, શારીરિક વૃદ્ધિ વગેરે રોગથી રક્ષણ કરે છે. હાડકા, દાંતના રોગમાં લોહીના દબાણ, પક્ષાઘાત, ગઠીઆવા, ઉલ્ટી વગેરે રોગોથી બચાવે છે. પેટના રોગો દૂર કરવા માટે પપૈયા શ્રેષ્ઠ છે. એમાં એન્ટીકેન્સર ગુણ છે. પાચનક્રિયા સુધારે, ભુખ લાગે, શરીરની કાર્યશક્તિ વધે, બીજા આહારને પચાવે, પાકા પપૈયામાં પેટ અને પેશાબ સાફ લાવવાનો ગુણ છે. કાચું કે પાકું પપૈયું ગર્ભાવસ્થા, માસિક વધારે આવતું હોય, રક્તપ્રદર હોય એમણે ન ખાવું, દુધ સાથે કોઈપણ ફળ ન ખાવું. ડાયાબિટીઝ, ગરમ પ્રકૃતિવાળા, હરસ-મસાના રોગીએ કાચું પપૈયુ ન ખાવું, ગરમ પડે. ફળો હંમેશા ખાલી પેટે ખાવા. પાકા પપૈયામાં સહેજ મીઠું, મરી નાખી ખાવાથી કેરી જેવું સ્વાદિષ્ટ લાગે છે. બાળકોને નિયમિત પપૈયા ખવડાવવાથી ઊંચાઈ વધે. શરીર મજબુત અને તંદુરસ્ત બને છે. અડધી ચમચી કાચા પપૈયાના દુધમાં થોડી ખાંડ (ડાયાબિટીઝવાળાએ નહીં) સાથે લેવાથી અજીર્ણ મટે, પપૈયાના પાનની ચા બનાવી પીવાથી હૃદયરોગ તેમજ ડેન્ગ્યુના તાવમાં (સફેદ કણ જે ઘટ્યા હોય તે વધારે) ફાયદો કરે છે. એક સમયે એક જ ફળ ખાવાથી વધુ ફાયદો મળે છે. ડ્રાયફ્રુટ સાથે ખાઈ શકાય. ફક્ત ફળ ૧/૨ કલાકમાં પચી જાય છે પપૈયું ખાલી પેટ ખાવાથી ઈન્સ્યુલીન એકદમ ધીરેધીરે લોહીમાં ભળે જે આરોગ્ય માટે સારું. સહેલાઈથી મળતું, સસ્તું પપૈયું રોજ ખાઓ અને ફાયદા મેળવો.

**૨) સલાડ :** શક્તિ માટે સલાડ જેવું ઉત્તમ બીજુ કાંઈ નથી. કોબી, ગાજર, કાકડી, ટમાટા, ફ્લાવર, બ્રોકોલી વગેરે જે હોય તે કાપીને એમાં લીંબુ, કોથમીર, ફુદીનો નાખી ઉપયોગ કરવાથી, પુષ્કળ વિટામીન્સ, ખનિજો, ફાઈબર મળશે અને પ્રમાણમાં જલ્દી પચે છે. સ્વાદ સાથે શક્તિ મળશે.

**૩) ગાજર :** ગાજરમાં બીટા કેરોટીનના રૂપમાં vit-A હોય છે, ખૂબ શક્તિ અને ફાયબર હોય છે. આંખોને સ્વસ્થ રાખે છે, ભુખ મટાડે છે. પાચનમાં મદદરૂપ થાય છે, કબજીયાત દૂર કરે. એકલા કે સલાડ સાથે ખાઈ શક્તિ મેળવો.

**૪) લીંબુ અને આમળા :** લીંબુમાં vit-C અને પુષ્કળ શક્તિ હોય છે. બીજા વિટામીન્સ મીનરલ્સ શરીરને મળે, પ્રતિકાર શક્તિ વધે. સવારના ૧ ગ્લાસ હુંફાળા પાણીમાં આખો લીંબુ નાખી લેવાથી શરીરની ખોટી ચરબી દૂર થાય છે. (મધ ન નાખવું, અસલી મધના નામે સાકર અને એન્ટીબાયોટીક્સ કેમિકલ શરીરમાં જઈ ફાયદાના બદલે નુકશાન કરશે, વજન ઘટવાને બદલે વધશે). ડાયાબિટીઝ ન હોય તો ગોળ નાખી લેવાથી શેરડીના રસ જેવું લાગશે. પણ ગોળ હવે શુદ્ધ નથી મળતા, આમળામાં સૌથી વધુ vit-C હોય છે. સાથે બીજા વિટામીન્સ ફાઈબર, ખનિજો મળશે, પ્રતિકાર શક્તિ વધશે. રોજ ૧ થી ૨ આમળા ખાવા અને સીઝન ન હોય ત્યારે એની સુકવણી કરી એ આખું વર્ષ વાપરી નિરોગી રહો.

**૫) કાકડી :** સ્વાદિષ્ટ કાકડી વિટામીન્સ, મિનરલ્સ, ફાઈબર, vit-B4, C, E વગેરે હોય છે. સીલીકોન હોય છે જે ચામડીનું સૌંદર્ય વધારે. વજન, કોલેસ્ટ્રોલ ઘટાડે, ટોક્સીન દૂર કરે, પાચન સુધારે, વાળ વધારે, બી.પી. કન્ટ્રોલમાં રાખે, હાડકા મજબૂત કરે, પાણીની કમી દૂર કરે. નિયમિત કાકડી ખાઈ ફાયદા મેળવો.

**૬) કેળા :** શક્તિથી ભરપૂર કેળા નાસ્તાની ગરજ સારે છે. વિટામીન્સ મીનરલ્સથી ભરપૂર કેળા બી.પી. કન્ટ્રોલ કરે

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ – મંજલ રેલડીયા (મુલુંડ)**

છે, હૃદયનું આરોગ્ય જાળવે, હાડકાં મજબૂત કરે, પેટ સાફ લાવે. પણ આપણી કમનશીબી કે હવે કેળા કેમિકલમાં ડૂબાડીને જ મળે છે જે ફાયદાને બદલે નુકશાન કરશે. કાચા કેળા મળતા હોય તો તે લાવી ઘરે પકાવી ખાવા. એની છાલમાં vit B12 મળે છે. (કેરીની ગોટી, એલોવેરાની છાલ, ફણગાવેલી નાચણી વગેરે અમુક જ ચીજોમાં vit-B12 મળે છે). કાચા કે પાકા કેળાનું છાલ સાથે શાક બનાવી ખાઓ. અમુક લોકો છાલ સાથે કેળા ખાઈ એના ફાયદા મેળવે છે.

**૭) સફરજન :** પુષ્કળ વિટામીન્સ. મીનરલ્સ ધરાવતા સફરજનમાં ફ્લેવેનોઈડ્સ અને પોલીફીનોલ્સ પણ ભરપૂર હોય છે. જે એન્ટીઓક્સિડંટ છે. સાથે ફાઈબર પણ પુષ્કળ હોય તેથી પાચન સારું થાય, પેટ સાફ થાય અને શરીર નિરોગી રહે એટલે જ કહેવાયું છે 'એન એપલ અ ડે કીપસ ડોક્ટર અવે' એની સીઝન હોય ત્યારે ભલે મોંઘા પડે પણ ખાઓ પણ સીઝન ન હોય ત્યારે ટાળો. ભરેલા પેટે કોઈ ફળ ન ખાવા, નહીં તો ગેસ થાય. કોઈ ફળને કાપીને ત્યારે જ ખાઓ. ફ્રીજમાં કે એમજ રાખવાથી એના સત્ત્વો ઓછા થાય છે, માટે કાપીને તરત જ ખાવા.

**૮) વેજ સુપ :** કારેલા, રીંગણા છોડી ઘરમાં જે કાંઈ શાકભાજી હોય એનો સુપમાં ઉપયોગ કરી પુષ્કળ વિટામીન્સ, મીનરલ્સ, ફાઈબર ધરાવતા સ્વાદિષ્ટ સુપ નિયમિત પી શક્તિ, સ્ફૂર્તી મેળવો. પચવામાં ખૂબ હલકા, ગરમગરમ પીવાથી ભુખ પણ ઉઘડે, એમાં મરી, લીંબુ, ફુદીનો, કોથમીર નાખીને લ્યો. ઘી, તેલ વઘાર કંઈ ન હોવાથી આરોગ્ય માટે સારું. જમ્યા પહેલા કે સાથે લઈ શકાય. જમ્યા પછી હુંફાળુ સુપ પીવાથી ખાધેલું પચે, કોલેસ્ટ્રોલ શરીરમાં જમા નહીં થાય. (આજકાલ જવાનીયા જમણ સાથે કે પછી ઠંડા પીણાં પીએ છે તે આરોગ્યને માટે નુકશાનકારક. લગ્ન, ફંક્શનમાં જમણ પછી આઈસ્ક્રીમ ખાઈએ છીએ પણ એ નુકશાનકારક).

**૯) કેરી, આંબા :** ઉનાળામાં મળતી કેરી, આંબા સ્વાદિષ્ટ તેમજ પૌષ્ટીક હોય છે. કેરીમાં vit-C પુષ્કળ, વિટામીન્સ, મીનરલ્સ, ફાઈબર મળે. આંબામાં વિટામીન્સ, મિનરલ્સ, ફાઈબર શક્તિ પુષ્કળ. ચૂસવાની કેરીથી તો કાયાકલ્પ કરી શકાય. આખો દિવસ ફક્ત કેરી ચૂસવાની અને નવજીવન મેળવવાનું. ડોક્ટરોએ ફક્ત કેરી કે દ્રાક્ષથી કેન્સર મટાડ્યાના કિસ્સા છે. પપૈયા શ્રેષ્ઠ ફળ છે એટલે તેનાથી કેન્સર મટાડવા કોઈ વૈદ્ય-ડૉક્ટરોએ પહેલ કરવી જોઈએ.

**૧૦) નારિયેળ પાણી :** મોંઘુ છતાં ઈલેક્ટ્રોલાઈટ્સથી ભરપૂર, શક્તિનો સ્રોત અને પાણીની અછત પૂરી પાડે, શરીરના ઝેરો બહાર કાઢી ડીટોક્સ કરે, પેશાબ છૂટ લાવે અને આરોગ્ય જાળવે. માંદગીમાં આ સહેલાઈથી પચે, શક્તિ મળે.

**૧૧) કલીંગર :** ઉનાળામાં મળતા કલીંગરમાં લાઈકોપીન હોય છે જે કેન્સર થતું અટકાવે છે. પાણીથી ભરપૂર કલીંગરમાં વિટામીન્સ, મિનરલ્સ હોય છે. જલ્દી પચી જાય છે. મરી નાખી ખાવું જેથી ગેસ ન થાય.

**૧૨) અનાનસ :** શક્તિ, વિટામીન્સ, મીનરલ્સૃથી ભરપૂર છે. એનાં બ્રોમીલન નામે એન્ઝાઈમ હોય જે પાચનમાં મદદરૂપ થાય છે. vit-C થી ભરપૂર હોવાથી પ્રતિકાર શક્તિ વધારશે. વાયરલ, બેક્ટેરીયા અને બીજા રોગો સાથે લડવાની શક્તિ મળશે. રક્ત શુદ્ધિ, શરીર શુદ્ધિ થશે. બીજા ફળો સાથે ખાવાથી ગેસ થશે, ફાયદો ઓછો થશે.

૧૩) હર્બલ ચા : ગ્રીન ટી કે બ્લેક ટી પાણીમાં ઉકાળી હુંફાળી સવારે, બપોરે કે સાંજે ક્યારે પણ લ્યો. (સાકર, ગોળ, કેફીન દુધ વગરની) એની અંદરના એન્ટીઓક્સિડંટ, કેન્સર સામે લડે, શક્તિ આપે. આપણે જે ચા વાપરીએ છીએ એને પાણીમાં ઉકાળી હુંફાળી પીવાથી ફાયદા મળશે.


❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

**Full પૈસા વસુલ Offer**
**જો આયેગા વો પાયેગા**
**નહીં આયેગા વો પછતાયેગા**

- હેન્ડ પારસી ગારા સાડી, દુપટ્ટા
- મશીન પારસી સાડી, કુર્તી, દુપટ્ટા, Stoll, બોર્ડર.
- Party Wear Saree.
- રંગબેરંગી બાંધણી, દુપટ્ટા
- કોટન કોટા વીવીંગ તથા એમ્બ્રોયડરી સાડી.
- દાદી-નાનીને પ્રસંગમાં પહેરવા લાઈટ વેઈટ સાડી.
- પ્લેન પોતમાં (અનેક વેરાયટી)
- ફેન્સી મસલીન કોટન પ્રીન્ટેડ કુર્તી સેટ (3 pcs, 2 pcs, A/c જેવી ઠંક આપે તેવું મટીરીયલ)
- દરેક જાતનું એમ્બ્રોયડરી વર્ક તમારી પસંદગી મુજબ સાડી-ચણીયાચોળી, ડ્રેસ, ઓલ્ટ્રેશન.

**SPL OFFER :** ફક્ત સાચી જરીની સાડી, ચણીયાચોળી, ઘરચોળા, બોર્ડર, બ્લા, સેલા, ચંદરવા, પોડીયા, બજાર કરતાં વધારે ભાવથી વેંચવા જુની અને જાણીતી દુકાન.

**રોકડા રૂપિયા-સંતોષકારક વળતર-તરત જ ફાઈનલ**

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.૨,
સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
**M. : 91 3714 6272 / 96195 54801**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

# પુણ્ય કમાવવાની બુકીંગ વિંડો

નોર્મલ ડિલિવરીનું બિલ ચૂકવીને રિષભ અને રીમા ઊભાં થયાં. વિદાય થતાં પહેલાં મીઠાઇનું એક મોટું બોક્સ ટેબલ પર મૂકીને બોલ્યા, 'સાહેબ, બહુ પ્રેમથી મીઠાઇ આપીએ છીએ. જરૂર ખાજો અને અમારી દીકરી ઉપર આશીર્વાદ વરસાવજો.' રીમાની આ પ્રથમ પ્રસૂતિ હતી. પુત્રીજન્મથી પતિ-પત્ની બંનેને ખરેખર ખૂબ આનંદ થયો હતો. એ લોકોના ગયાં પછી મેં બોક્સ ખોલ્યું. અંદર કાજુકતરી હતી. મેં એક પીસ મોંઢામાં મૂકી દીધો અને એની મીઠાશ મોંઢામાં ઘોળાય એટલી વારમાં લીલાબહેનને કહ્યું, 'નેક્સ્ટ પેશન્ટ.'

લીલાબહેને હવે પછીના પેશન્ટને અંદર આવવા દેતાં પહેલાં ધીમા અવાજમાં મને માહિતી આપી, 'સાહેબ, હવે જે આવે છે એ સાવ ગરીબ છે. થોડેક દૂર ફ્લેટ્સ બંધાય છે ત્યાં મજૂરી કરે છે. સાત મહિનાથી કામ બંધ છે. કમાણી પણ બંધ છે. બિલ્ડર થોડોઘણો પગાર આપે છે, એમાં આ લોકો એક ટંક જમે છે. હું ત્યાંથી પસાર થાઉં છું એટલે એમને ઓળખું છું. એ બાઇનું નામ સવિતા છે. એ મને ત્રણ દિવસથી પૂછતી હતી કે તમારા સાહેબની ફી કેટલી હોય છે. મેં એને કીધું કે હું સાહેબને વાત કરીશ. તારી પાસેથી ઓછા રૂપિયા લેશે. એમને મોકલું અંદર?' મારી જીભ ઉપર કાજુકતરીની મીઠાશ પ્રસરેલી હતી. મેં કહી દીધું, 'હા. એને મોકલી આપો. આપણે એક રૂપિયો પણ નહીં લઇએ.' કોરોનાના મારથી જે મરી ગયા એ તો છૂટી ગયા, પણ જે જીવી ગયા છે એમની હાલત વર્ણવી ન જાય એવી છે. દર અઠવાડિયે પાંચ-સાત પેશન્ટ ફી લીધા વગર જોઇ લેવા પડે છે. આવું કરવામાં મને જરા પણ કચવાટ થતો નથી. ડોક્ટરો બીજું તો શું કરી શકવાના?

સવિતા અને એનો પતિ કન્સલ્ટિંગ રૂમમાં દાખલ થયાં. સાથે ત્રણેક વર્ષની એમની દીકરી હતી. સરકારી દવાખાનાથી ટેવાયેલા આ ગરીબ પતિ-પત્ની પ્રાઇવેટ ક્લિનિકમાં પગ મૂકતાંમાં જ સંકોચાઇ ગયાં. સોફામાં બેસવા માટે પૂરતી જગ્યા હોવા છતાં ઓછામાં ઓછી જગ્યા રોકાય એવી રીતે બેસી ગયાં. હું સવિતાનાં કેસપેપર લખવામાં ડૂબી ગયો. સવિતાની તકલીફ મોટી હતી, પણ સારવારથી મટી જાય એવી હતી. હું એની તપાસ અને એને આપવા માટેની ફ્રી સેમ્પલ્સની ટેબ્લેટ શોધવામાં વ્યસ્ત હતો. એ દરમિયાન મારી આંખના ખૂણામાંથી મને એમની ત્રણ વર્ષની દીકરીની હરકત જોવા મળી.

સામાન્ય રીતે નાનાં બાળકો ગોળમટોળ, ભરેલા ગાલવાળા અને ઊંચકી લેવાનું મન થાય તેવાં હોય છે, પણ આ ઢીંગલી એવી લાગતી ન હતી. ગંદું થીંગડાંવાળું ફ્રોક, ધૂળથી ખરડાયેલા હાથ-પગ, ઉઘાડા પગ, કુપોષણથી કરમાઇ ગયેલો ચહેરો, ઊપસી આવેલાં હાડકાં અને લોહીની ઊણપના લીધે ફિક્કી લાગતી આંખો. મહાત્મા ગાંધી જેમને છેવાડાનો પરિવાર કહી શકે એવું આ ત્રણ જણાંનું કુટુંબ હતું. એ ઢીંગલી ગરીબની દીકરી હતી, પણ આખરે તો નાની બાળકી જ હતી ને? એને બાપડીને શિષ્ટાચારની કેટલી સમજ હોય? એ થોડી થોડી વારે મારા ટેબલ પાસે દોડી આવતી હતી અને ત્યાં પડેલા મીઠાઇનાં બોક્સને હાથ લગાડીને ચાલી જતી હતી. હું આ બધું જોતો હતો, પણ કંઇ બોલતો ન હતો. એની હિંમત ખૂલતી ગઇ. હવે એણે બોક્સનું ઢાંકણું ખોલવાનો પ્રયત્ન શરૂ કર્યો. ઢાંકણું ઊઘડી ગયું. કાજુકતરીનો ઢગલો જોઇને એ બાપડી ડઘાઇ ગઇ. એની આંખોમાં ઇચ્છા તરી આવી. એનો બાપ એનો હાથ પકડીને ખેંચવા લાગ્યો. મેં એને અટકાવ્યો. બોક્સમાંથી કાજુકતરીનું એક ચકતું ઉઠાવીને એ દીકરીના હાથમાં મૂકી દીધું. એ મારી સામે જોઇ રહી. મેં કહ્યું, 'બેટા, એ ખાઇ લે. એ તારા માટે જ છે.' તો પણ એ ઊભી રહી. મેં એના બાપને પૂછ્યું, 'આ કેમ ખાતી નથી? મારાથી ડરતી હોય એવું લાગે છે. તમે એને સમજાવો તો જ એ ખાશે.'

સવજીનો અવાજ રુંધાઇ ગયો. એ માંડ માંડ આટલું બોલી શક્યો, 'સાહેબ, અમારા છોકરા કોઇથીયે ડરે નહીં. મારી દીકરી એટલા માટે નથી ખાતી કે એને ખબર નથી કે આ શું છે? એની વાત જવા દો. અમે પણ આજે પહેલી વાર...' સવજીના આંસુઓ એના અવાજને ગળી ગયા. સાચું કહું છું કે હું આખેઆખો ધ્રૂજી ગયો હતો. આવાં દશ્યો મેં જિંદગીમાં અનેક વાર જોયા છે, પણ આ દશ્ય કંઇક જુદું હતું. ત્રણ વર્ષનું બાળ-હાડપિંજર કંઇક દિવસોની ક્ષુધા સંઘરીને ઊભું હતું, એના હાથમાં બ્રાન્ડેડ મીઠાઇ હતી અને એને ખબર ન હતી કે આનું શું કરવું? મારી બુદ્ધિ કામ કરતી અટકી ગઇ. હૃદયમાં એક જોરદાર ઉછાળ આવ્યો અને મેં કાજુકતરીનું આખું બોક્સ સવજીના હાથમાં પકડાવી દીધું. મારે વધારે રડવું ન હતું માટે મેં તરત જ એમને રવાના કરી દીધાં. સ્ટાફને કહ્યું, 'નેક્સ્ટ પેશન્ટ.' અને હું મોબાઇલ પર એક નંબર જોડવા

લાગ્યો. મારા એક ડોક્ટરમિત્રની સાથે મેં વાત શરૂ કરી. હમણાં જ બની ગયેલી ઘટનાનું વર્ણન કરીને મેં એને કહ્યું, 'આ વર્ષે વધુ કંઇ નથી કરવું. પાંચ હજાર રૂપિયા મારા અને પાંચ હજાર રૂપિયા તારા ગણી લઉં છું. વધારે નહીં તો પચાસેક છેવાડાના પરિવારોમાં મીઠાઇ વહેંચીશું.' આ વાત ચાલતી હતી ત્યારે એક શીખ કપલ આવીને ગોઠવાઇ ગયું હતું. હું એમને કંઇ પૂછું તે પહેલાં સરદારજીની પત્નીએ એના પતિને કોણીનો ઠોસો મારીને પંજાબી ભાષામાં કશુંક કહ્યું. દાઢી, મૂંછ અને પાઘડીમાં સિંહની જેવા શોભતા એક કરડા પુરુષના ગળામાંથી કૂણો અવાજ નીકળ્યો, 'સા'બ, હમને આપ કી બાત સુન લી હૈ. હર સાલ દિવાલી પર અમૃતસર જાતે હૈ. ઇસ સાલ નહીં જા પાયેંગે.' આટલું કહીને તેણે ખિસ્સામાંથી કરન્સી નોટોથી ફૂલેલું પાકીટ બહાર કાઢ્યું. અંદરથી ડ્રાઇવિંગ લાઇસન્સ અને બીજા બે-ત્રણ કાર્ડ્સ રાખી લીધાં અને પાકીટ ટેબલ પર મૂકી દીધું. પછી એણે કહ્યું, 'દાક્તરસા'બ, અબ મેરે પાસ ઇક રૂપયા ભી નહીં હૈ. આપ કી ફીસ અગલી બાર આયેંગે તબ ચુકાયેંગે.' શીખ રેજિમેન્ટ શત્રુઓને મારે છે, એ તો હું જાણતો હતો, પણ આજે એક સોલ્જરની બનેલી આ શીખ રેજિમેન્ટે મને ઘાયલ કરી દીધો.

શીખ કપલ ગયું અને સિંધી કપલ આવ્યું. એકાદ વર્ષ પહેલાં જ કરાચી છોડીને પિશુમલ પંજવાણી પોતાની પત્ની અને બાળકોને લઇને કાયમ માટે ભારતમાં આવી ગયા હતા. મારી પાસે નિયમિતપણે સારવાર માટે આવતા હતા. એક મહિના પહેલાં જ મેં વિમલા પંજવાણીનું ઓપરેશન કર્યું હતું. બિલ ચૂકવતી વખતે પિશુમલે ભારે ચીકાશ કરી હતી. બિલની રકમમાંથી વીસ હજાર બાકી રાખીને ગયા હતા. આજે મેં કડક અવાજમાં ઉઘરાણી કરવાનું શરૂ કર્યું, 'ઐસા નહીં ચલેગા. થોડા મૈં માફ કરતા હૂં. થોડા આપ દે દો.'

પિશુમલે ૫૦૦-૫૦૦ની સીલબંધ થોકડી ટેબલ પર મૂકી દીધી. મને આશ્ચર્ય થયું કારણ કે થોકડી તો પચાસ હજાર રૂપિયાની હતી. હું કંઇ પૂછું એ પહેલાં પિશુમલ બોલી ઊઠ્યા, 'રખ લો, સા'બ. ના મત બોલના. મૈં તો ઘર સે નિકલા તબ પક્કા ઠાનકર નિકલા થા કિ આપ કો પાંચ હઝાર સે જ્યાદા ઇક પૈસા નહીં દૂંગા. યહ રૂપૈયે તો બિઝનેસ કે લિયે પાસ મેં રખ્ખે થે, લેકિન અભી અભી વો સરદારજી કો બાહર નીકલતે હુએ દેખા. ઉનકી આંખોં મેં આંસુ થે. જિંદગી મેં પહલી બાર મૈંને શેર કો રોતે હુએ દેખા. વજહ પૂછી તબ ઉસને બતાયા. આપ તો કબ હમેં ઐસી બાતેં બતાતે હો?' એ પછી હું મારા લેણા રૂપિયાની નરમ ઉઘરાણી પણ કરી ન શક્યો. પિશુમલ પચાસ હજાર આપી ગયો અને મારી આંખમાંથી પાંચ લાખના આંસુ ખેરવી ગયો.

એ સાંજનો દોઢેક કલાકનો સમય કાજુકતરી કરતાં પણ વધારે મીઠો બની ગયો. લોગ આતે ગયે, કારવાં બનતા ગયા. ફંડ વધતું ગયું એટલે મારી યોજના પણ વિસ્તરતી ગઇ. પચાસ પરિવારોને બદલે દૂર દૂરના અભાવગ્રસ્ત વિસ્તારોમાં (વનવાસી, અગરિયાઓ, ખારા પાટ વિસ્તારમાં રહેતા ગરીબ લોકો અને મજૂર વર્ગ) આ બધા માટે માત્ર મીઠાઇ વિતરણનું કામ જ નહીં, કોરોના સામે એમની ઇમ્યુનિટી વધે તેવાં ધાન્યો, કઠોળ, મિલ્ક પાઉડર અને શરીરશુદ્ધિ માટે સાબુ, નેપકિન્સ અને ટોવેલ્સની વહેંચણી કરવાનું વિચારી રહ્યા છીએ. જેમની પાસે આંખો છે, એ આંખોમાં ભીનાશ છે, જેમની પાસે પરાયા લોકો માટે લાગણીથી ધબકતું હૃદય છે, જેમનું ખિસ્સું ભરેલું છે અને એમાં થોડાક રૂપિયા ગરીબો માટે પણ છે એમને મારે આટલું જ કહેવાનું છે કે :

'પુણ્ય કમાવા માટેની બુકિંગ વિન્ડો હજી ખુલ્લી છે.

**મોકલનાર : કુમાર બાબુભાઈ દંડ- તેરા (ભાંડુપ)**

## ભેંસની વ્યથા

બાળકો લગભગ દૂધ મારું જ પીવે,
પણ શાળામાં નિબંધ ગાયનો લખે !

વાંચતાં ના આવડે તો કહે, કાળા અક્ષર ભેંસ બરાબર.
તો શું બીજા ઢોર, ગ્રેજ્યુએટ છે ?

કોઈ ભૂલ કરે તો કહે ગઈ ભેંસ પાણીમાં
તો બીજા ઢોર શોપિંગમાં જાય છે ?

બુડથલ વ્યક્તિને ડોબાનું ઉપનામ મળે છે
તો શું સમગ્ર ઢોરઢાંખરમાં સૌથી બુડથલ હું જ છું ?

વાત ના સમજાય તો બધાં કહે ભેંસ આગળ ભાગવત.
તો શું બીજા ઢોર આગળ રામાયણ વંચાય છે ?

ચાલો આ બધું માફ પણ છેલ્લે, એક વાત...
ગાયને ભલે મા કહો પણ મને ક્યારેક માસી તો કહો !

પણ તમે નહીં જ કહો અને નહીં જ સમજો...
આ ના સમજો ને એને જ કહેવાય, ભેંસ આગળ ભાગવત!

**મોકલનાર : ખુશાલ લક્ષ્મીચંદ ધરમશી**
**મંજલ રેલડીયા (યુએસએ)**

# માનદમંત્રીઓનું ઈતિહાસમાં નામ કેમ નહિ ??

**સંસ્થામાં પ્રમુખથી પણ વધુ કાર્યરત**
**હંમેશા મંત્રીઓ રહેતા,**
**અકબરને પણ રાજતંત્ર ચલાવવા**
**જરૂર પડતી એ બીરબલ હતા.**

તાજેતરમાં મહારાષ્ટ્ર વિધાનસભામાં સ્પષ્ટ બહુમતી મળ્યા પછી પણ મુખ્યમંત્રી બનવા જે ખેંચતાણ ને ધમાસાણ થયું એ જોતા એવું નક્કી થાય છે કે શતરંજની રમતમાં રાજા કરતા તેના વજીર પાસે વધુ સતા હોય છે. રાજાને બચાવવા તમામ પ્રયત્નો કરે છે તો પણ રાજા માટે એવા માણસને તલવાર આપી દઈ ને સારા માણસને સાઈડ લાઈન કરી નાખવામાં આવે છે અને તેમનું નામ માત્ર કાગળ ઉપર રહી જાય છે. તેમનું નામ ક્યારે ઈતિહાસમાં અંકિત થતું નથી.




આપણી સંસ્થાઓમાં પણ પ્રમુખ પછીનો બીજો મહત્વ નો હોદ્દો કોઈ હોય તો તે છે માનદમંત્રીનો, પણ જેમ પ્રમુખ અને પૂર્વ પ્રમુખોનું લિસ્ટ ઈતિહાસમાં અંકિત કરવામાં આવે છે તેમ માનદમંત્રીની અવગણના પાછળના કારણો જાણી શકાયા નથી. રજવાડાના જમાનામાં પણ રાજાનું નામ જ ઉલ્લેખ કરવામાં આવતું, પણ તેમના કાર્યભાર સંભાળતા મંત્રીનો ઈતિહાસ ભાગ્યે જ કોઈ ને યાદ છે. જેમ કે અકબરના રાજમાં બીરબલ હતા અને ચંદ્રગુપ્ત મૌર્યના રાજમાં ચાણક્ય જેવા મહાન મંત્રીએ કાર્યભાર સુચારુ સંભાળેલ.

જયારે કોઈ કાર્યક્રમ હોય તો પ્રમુખને જ સ્ટેજ ઉપર બેસાડાય છે. તેનું જ સન્માન થતું હોય છે. તો તેમની સાથે માનંદમંત્રીને કેમ નહિ? તે જ રીતે સામાન્ય સભામાં પ્રમુખથી બધી મંજૂરી લેવાય છે તો મંત્રી પાસેથી કેમ નહિં ? દેશના પ્રધાનમંત્રી પછી બીજો ઉચ્ચ હોદ્દો ગૃહપ્રધાનનો હોય છે તેમ સંસ્થામાં પણ પ્રમુખ પછી માનદમંત્રીના સ્થાનનું મહત્વ વધારે છે. તેમના ઈતિહાસમાં ડોકિયું કરવાનો ખ્યાલ આપણને આવ્યો નહિ કે પ્રમુખની ઈજારાશાહી સામે મંત્રીને આગળ આવવા જ ના દીધા? એક ખોટો ચીલો પડી ગયો કે પ્રમુખ જ સતા ભોગવશે અને મંત્રી માત્ર કાર્ય કરશે. ક્યારેક પ્રમુખ કરતા મંત્રીને વધુ મત મળ્યા હોય તો પણ જેમ પુરુષપ્રધાન દેશમાં પુરુષનું વર્ચસ્વ હોય તેમ સંસ્થામાં પ્રમુખની જ બોલબાલા હોય છે. ક્યારેક યોગ્ય પાત્રતા ના હોય તો પણ પ્રમુખ તરીકે બેસાડવા પડે છે એ આપણી કમનસીબી છે.

પ્રમુખની જવબદારી વધુ હોય તે વાત સાચી, સાથે તેમના કાર્યકાળ દરમ્યાન થયેલ પ્રવૃતિ માટે તેને યાદ કરવા યોગ્ય છે પણ તેની સાથે ખભેથી ખભે મેળવી કાર્યોનો એક નવો અધ્યાય લખી અને નવા શિખરો સર કરાવનાર માનદમંત્રીના નામ પણ લેવાતું નથી તે કેટલું યોગ્ય ? આવનારા દિવસોમાં ક્યારે આ ઈતિહાસ લખવાની કોઈ પહેલ કરશે કે નહિં એ જોવાનું રહેશે.

**- એડ. કેતન લોડાયા- ગાંધીધામ**
**મો. ૯૮૭૯૫ ૨૨૬૪૨**

પ્રકાશ સમીક્ષા શતાબ્દી વર્ષની ઉજવણીના ઉપલક્ષમાં

## મધ્યાંતર ..

હજી તો કાપ્યો જ છે ફક્ત ૧૦૦ વર્ષનું જ અંતર...
એમાં તો થોડી લઇ લેવાય મધ્યાંતર.
આ તો સમાજની ઉન્નતિ માટે
વહેતો પ્રવાહ છે નિરંતર,
કેમ કે આ મોટી જવબદારી સંભાળી બેઠા છે
તમારા જેવા ધુરંધર.
વડીલોએ વિરાસતમાં આપેલ ગઈકાલની
દિવાલ હતી મજબૂત,
તો આવનારા સમયના પાયામાં પણ
આવનારી પેઢીના વિચારો છે જબરદસ્ત.
મધ્યાંતર પહેલાનો ભાગ અગર હોય જોરદાર ,
તો આવનારો સમય પણ હશે એનાથી મજેદાર.
હજી તો કાપવાના છે બીજા ૧૦૦ વર્ષ
તમારી સાથે જ્ઞાતિજનો, છો તમે બધા પ્રબુદ્ધ,
ચાલો આપણે સૌ સાથે મળી આગળ વધારીએ
આપણને મળેલ વારસો આ સમૃદ્ધ.

**- એડ. કેતન લોડાયા- ગાંધીધામ**


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી
**સોનલ આર્ટ** (થાણા) Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ,
રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

જય શ્રી સચ્ચા માતાય નમઃ

# શ્રી સચ્ચામા દંડ પરિવાર સેવક ભરૂડિયા ૧૮ મી સમૂહ પહેડી તથા સ્નેહમિલન પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ

આપણા કુળદેવી શ્રી સચ્ચામાતાના સાદને ઉરના ઉમંગથી વધાવવા.. સમસ્ત હાલારના દંડ પરિવારના ભાવિકો તથા નિયાણી બહેન, દિકરીઓને સહપરિવાર પધારવા શ્રી સચ્ચામા દંડ પરિવાર તથા લાભાર્થી પરિવાર તરફથી નેહ નીતરતું નિમંત્રણ છે.

## : સંપૂર્ણ પહેડી તથા સ્નેહમિલનનો મોંઘેરો લાભ લેનાર દંડ કુટુંબના પરિવારજનો :

**રૂપિયા ૫૧,૦૦૦ના લાભાર્થી પરિવાર**

૧. માતુશ્રી કંચનબેન વીરચંદ દંડ પરિવાર, હ. સુરેશભાઈ, હરીશભાઈ, અશ્વિનભાઈ, અરવિંદભાઈ, હિરેનભાઈ.
૨. શ્રીમતી કાંતાબેન મણીકાંત દંડ
૩. માતુશ્રી તારાબેન કુંવરજી દંડ, હ. શ્રીમતી કલ્પના મનોજ દંડ
૪. માતુશ્રી ધનબાઈ રૂપશી દંડ પરિવાર, હ. માતુશ્રી રંજનબેન અરવિંદ દંડ પરિવાર
૫. માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (નવમણી પરિવાર)
૬. માતુશ્રી પુરબાઈ કુંવરજી દંડ પરિવાર (માટુંગા-ચુનાભટ્ટી)
૭. અ.સૌ. મંજુલાબેન વિનોદ દંડ,હ. અ.સૌ. કરિશ્મા મયુર દંડ
૮. માતુશ્રી મણીબાઈ જેતશી ગોવિંદજી દંડ પરિવાર
૯. અ.સૌ. મધુબેન પ્રવિણ દંડ, હ. અ.સૌ. અલ્કા રાજુ દંડ અને અ.સૌ. જલ્પા ચેતન દંડ
૧૦. માતુશ્રી લીલાવંતી જીવરાજ દંડ, હ. કંચનબેન ગિરીશ દંડ પરિવાર (જામનગર-મુલુંડ)
૧૧. માતુશ્રી લીલાવંતી જીવરાજ દંડ, હ. અ.સૌ. ચંદનબેન નેમચંદ દંડ પરિવાર
૧૨. અ.સૌ. વિમલાબેન રમેશ દંડ, હ. અ.સૌ. કોમલ પુનીત દંડ અને અ.સૌ. સ્નેહલ પ્રિતેશ દંડ
૧૩. શા. શાંતિલાલ લાલજી દંડ પરિવાર (વડાલા)
૧૪. માતુશ્રી સોનબાઈ કુંવરજી દંડ હ. અ.સૌ. જ્યોતિબેન કીર્તિ દંડ
૧૫. માતુશ્રી સોનબાઈ કુંવરજી દંડ હ. અ.સૌ. મીનાબેન નરેન્દ્ર દંડ
૧૬. અ.સૌ. હંસાબેન ધનકુમાર દંડ હ. અ.સૌ. શિલ્પા વિકાસ દંડ અને અ.સૌ. મનિષા નિલેશ દંડ

**રૂા. ૨૧,૦૦૦ના લાભાર્થી પરિવાર**

૧. શા. કુંવરજી જેતશી દંડ, હ. અ.સૌ. હંસા દિનેશ દંડ તથા નિકુંજ અને કુંજન
૨. માતુશ્રી જયવંતીબેન મુલચંદ દંડ પરિવાર
૩. માતુશ્રી ધનલક્ષ્મીબેન માણેકજી દંડ, હ. અ.સૌ. નયના હરીશ દંડ
૪. માતુશ્રી નવલબેન જેઠાલાલ દંડ પરિવાર, હ. અ.સૌ. સ્મિતા દિલીપ દંડ, અ.સૌ. હીના ઉત્તમ દંડ, શ્રીમતી સુષ્મા ચંદ્રકાંત દંડ, અ.સૌ. રાજુલ ધીરજ દંડ.
૫. માતુશ્રી પન્નાબેન જયંતિલાલ દંડ પરિવાર
૬. શ્રીમતી રંજનબેન અશોક દંડ, હ. અ.સૌ. હેમાંગી અમિત દંડ અને દ્વિત અમિત દંડ
૭. શા. રમેશ પદમશી દંડ અને પરિવાર
૮. માતુશ્રી રેખાબેન દિલીપ દંડ, હ. અ.સૌ. કાજલ પારસ દંડ
૯. માતુશ્રી વનિતાબેન પ્રવીણચંદ્ર દંડ પરિવાર
૧૦. માતુશ્રી સોનબાઈ કાનજી દંડ પરિવાર, હ. અ.સૌ. રેખા જતીન દંડ અને અ.સૌ. કલ્પના અશોક દંડ

**રૂપિયા ૧૧,૦૦૦ના લાભાર્થી પરિવાર**

૧. માતુશ્રી કંચનબેન રાયચંદ દંડ, હ. શૈલેષ રાયચંદ દંડ અને જીગ્નેશ રાયચંદ દંડ
૨. અ.સૌ. ખમ્માવંતી ચંદ્રેશ દંડ, હ. અ.સૌ. હિરલ હિતેશ દંડ
૩. શ્રીમતી ચંદ્રિકાબેન અનિલ દંડ પરિવાર
૪. ભારતીબેન પોપટલાલ દંડ, હ. પર્વ ફાલ્ગેશ દંડ અને બિંદી ભારતી દંડ
૫. માતુશ્રી મુરબાઈ ધનજી દંડ, હ. નરેન્દ્ર ધનજી દંડ
૬. માતુશ્રી લીલાવતી સુરેશ દંડ પરિવાર
૭. અ.સૌ. સરલાબેન હિંમત દંડ, હ. જીગ્નેશ હિંમત દંડ

**રૂપિયા ૫,૦૦૦ના લાભાર્થી પરિવાર**

૧. માતુશ્રી ઉષા દિનેશ દંડ, અ.સૌ. તનિષા શિયાલ અને રિધ્ધિ દિનેશ દંડ
૨. માતુશ્રી વિજયાબેન શાંતિલાલ દંડ,હ. સચીન શાંતિલાલ દંડ

**: શુભ દિવસ :**
**રવિવાર તા. ૦૫.૦૧.૨૦૨૫**
**સમય : સવારે ૮:૩૦ થી સાંજે ૮:૩૦ સુધી**

**: શુભ સ્થળ :**
**જૈનમ ક્લાસિક એસી હોલ ( ગ્રાઉન્ડ ફ્લોર), એસ. બી. આઈ બેંક ની બાજુમાં, બી. ટી. એમ. કમ્પાઉન્ડ, એલ. બી. એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮.**

**કારોબારી સભ્યો :-** પંકજ પ્રવીણ દંડ (પ્રમુખ)-9004841222, અલ્પેશ ગિરીશ દંડ (ઉપપ્રમુખ)-9820057598, ચેતન પ્રવીણ દંડ (માનદમંત્રી)-9821350952, ચંદ્રેશ જયંતિલાલ દંડ (સહ માનદમંત્રી)-8369161787, મયુર વિનોદ દંડ (સહ માનદમંત્રી) - 9619666111, વિકાસ ધનકુમાર દંડ (ખજાનચી)-9167235061, દર્પણ નેમચંદ દંડ (સહ ખજાનચી)-9321057598, મયુર સુરેશ દંડ (સહ ખજાનચી)-9819663555.

નોંધ : (૧) શ્રી સચ્ચામા દંડ પરિવારની વાર્ષિક સામાન્ય સભા તા. ૦૫.૦૧.૨૦૨૫ ના રાખવામાં આવેલ છે. (૨) જે ભાવિકો તથા નિયાણી બહેન, દિકરીઓના સરનામા તથા ફોન નંબર બદલાયા હોય તેમણે કાર્યકરોને જાણ કરવા વિનંતી છે.

**એજ લિ. શ્રી સચ્ચામા દંડ પરિવારના જય માતાજી**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલી



મંડળ દ્વારા રવિવાર, તા. ૧૫-૧૨-૨૦૨૪ના આયોજીત વન ડે પીકનીકમાં ૨૭૯ જ્ઞાતિજનો જોડાયા.

પધારેલા સર્વે જ્ઞાતિજનોનુ મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્ર મેઘજી મોતાએ(વાડાપધર) આભાર માની મંડળના હવે આવનારા પ્રોગ્રામની જાણકારી આપી. મંડળની ઓફિસમાં શ્રી ૧૦૮ પાર્શ્વનાથજીના દર્શન કરવા માટે આમંત્રણ આપ્યું હતું. મંડળના ઉપપ્રમુખ શ્રી ચેતન લહેરચંદ નાગડા (નલીયા) મંડળના સહ માનદમંત્રી શ્રી ધવલ ઉમેશ ખોનાએ (સાંધવ) દરેક જ્ઞાતિજનો ને મંડળમાં ખાસ આવવા જણાવ્યું હતું. મંડળના સહ ખજાનચી શ્રી અમિત જેઠાલાલ ખોના (નલીયા)એ ખૂબજ મહેનત કરી હતી.

### લાલકા પરિવાર - વારાપધર

વારાપધર ગામમાં લાલકા પરિવારનાં કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવા બનાવવાનું કાર્યક્રમ સારી રીતે સંપૂર્ણ થયું. હૈદરાબાદ, ઈંદોર, સેંધવા, મુંબઈ, કચ્છથી ૧૨૫ ભાવિકો આ કાર્યક્રમનો લાભ લીધેલ. ભુઈ મા તરીકે અ.સૌ. છાયાબેન રાકેશ લાલકા માતાજીના નવા ગાદીપતી (ભુઈમા) થયા. આ કાર્યક્રમ દરમ્યાન કાર્યક્રમનું માર્ગદર્શન વાછરાદાદાના પરમભક્ત, ભુવા ગોવનજી લાલજી પટેલ સાથે મનોજભાઈ ધ્રોળ અને મારાજનું હતું. વારાપધર મહાજન ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ લોડાયા, ભુપેન્દ્રભાઈ વિકમશી, પ્રફુલભાઈ નાગડાનો સારો એવો સાથ સહકાર મળેલ.

### પ.પૂ. શ્રી ભલારા દાદા દેવાલય - સુથરી

પ.પૂ. શ્રી ભલારા દાદાનું દેવાલય (નાકા બહારનું) આવેલ છે જેમાં પાટોત્સવ, ધ્વજા મહોત્સવ તેમજ ધ્વજદંડ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ ઉજવવામાં આવેલ. વહેલી સવારે ધ્વજદંડ તેમજ ધ્વજા ચડાવવાનો કાર્યક્રમ ભૂવાશ્રી કિશોરભાઈ સાંયાની નિશ્રામાં આચાર્યપદે શ્રી રાજેશભાઈ જોષી એમની ટીમ સાથે વિધીવિધાન પૂર્ણ કરેલ હતું. વિધીવિધાનમાં સજોડે જયેશભાઈ લાલકા તથા પીયુષભાઈ લાલકાએ લાભ લીધેલ હતો. નાળિયેર હોમવાની વિધી ભૂવાશ્રી કિશોરભાઈ સાંયાના કરકમલો દ્વારા કરવામાં આવેલ. બહોળી સંખ્યામાં ભાવિકો વહેલી સવારે હાજર રહી દંડ પ્રતિષ્ઠા તેમજ ધ્વજા ચડાવવાના લાભો લીધેલ.

ટ્રસ્ટીઓ ચંદુભાઈ, જીનેશભાઈ, મીતેષભાઈ, પ્રબોધભાઈ તેમજ અશોકભાઈ, પુજારી વિક્રમસિંહ વગેરેએ સહકાર આપી કાર્યક્રમને દિપાવવા જહેમત ઉઠાવેલ હતી.

### શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનની ફ્રેમનુ અનાવરણ



શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ - ડોંબિવલીના કાર્યાલયમાં મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વાડાપધર), ઉપપ્રમુખ શ્રી ચેતન લહેરચંદ નાગડા (નલીયા), સહ માનદમંત્રી શ્રી ધવલ ઉમેશ ખોના(સાંધવ), ખજાનચી શ્રી ભાવેશ રતિલાલ મોતા (કુવાપધર), સહ

## કોફી ટેબલ બુકની ગુગલ લીંક

તા. ૧.૧૨.૨૦૨૪ના પ્રકાશસમીક્ષા શતાબ્દી મહોત્સવમાં 'કૉફી ટેબલ બુક'નું વિમોચન કરવામાં આવ્યું હતું. આ બુકની પ્રીન્ટેડ કોપી મર્યાદિત સંખ્યામાં હોવાથી વાચકો માટે ગુગલ ડ્રાઈવ ઉપર અપલોડ કરવામાં આવી છે જેની નોંધ લેવા વિનંતી.

**https://drive.google.com/file/d/1rhDFSvcHEeF8u5M-Mxryoa4HWLX7b63R/view?usp=sharing**

ખજાનચી શ્રી અમિત જેઠાલાલ ખોના (નલીયા), મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યો, લાભાર્થી શ્રી રાયચંદ દેવશી જીવાણી (જખૌ - ડોંબિવલી), આમંત્રીત મહેમાનો, મિત્રો તથા જ્ઞાતિજનોની હાજરીમાં તારીખ : ૦૮-૧૨-૨૦૨૪ના શ્રી ૧૦૮ પાર્શ્વનાથ દાદાની ફ્રેમનું અનાવરણ કરી દર્શન માટે ખુલ્લી મુકવામાં આવી.

**શ્રી ક.દ.ઓ. જૈન મહાજન-હુબલી**



શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનના બિન હરીફ સતત ૫૦ વર્ષ થી પ્રમુખપદ શોભાવી રહેલ એકમેવ વડીલ શ્રી ભરત બી ખીમજી નિર્મિત હોલનું ભુમિ પૂજન તેમના વરદ હસ્તે તા. ૪/૧૨/૨૦૨૪ ના કુસુગલ રોડ ઉપર નિર્મિત KDO RESIDENCY ના પ્રાંગણમાં સંપન્ન થયું. આ પ્રસંગે પ્રમુખશ્રીના ધર્મપત્ની સૌ. રાણીબેન, ઉપ પ્રમુખ શ્રી તિલકચંદભાઈ વિકમશી, વહીવટદાર શ્રી શરદભાઈ મોમાયા, અન્ય ટ્રસ્ટીઓ તથા આમંત્રિત મહેમાનો તેમજ બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી.

**અતીત શાહ કેરલ સ્ટેટ સ્નૂકર ચેમ્પિયન**

ટોપ સીડ અને ગત વર્ષના રનરઅપ અતીત શાહે પોતાના કલબ સાથી અશોક મહાવરને ૪-૧થી શિકસ્ત આપી કેરલ સ્ટેટ સ્નૂકર ચેમ્પિયન ટ્રોફી હાંસલ કરી છે.

**એચ.ડી. સર્વોદય રમતોત્સવ-૪**

એચ.ડી. ફાયર પ્રેરિત ક.દ.ઓ. સર્વોદય રમતોત્સવ ૪.૦નું આયોજન તા. ૨૯.૧૨.૨૦૨૪ નિર્ધારીત કરવામાં આવ્યું છે.

**શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુંડ**

મંડળના ૬૦ વર્ષની ઉજવણી પ્રસંગે ભારતના વિવિધ પ્રાંતોના નૃત્યોના કાર્યક્રમનું આયોજન તા. ૧૨.૧.૨૦૨૫ના કરવામાં આવ્યું છે.

**નાની સિંધોડીના લલિતભાઈને જ્ઞાતિમાં પ્રથમ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ**

નાની સિંધોડીના ઘાટકોપર નિવાસી લલિતભાઈ દામજી મૈશેરીએ ડીહાઈડ્રેશન (સુકવણી) પ્રક્રિયામાં સને ૧૯૯૪માં પેટન્ટ અને આઈપીઆર (ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ) પ્રાપ્ત કર્યો છે. આપણી જ્ઞાતિમાં આ સિદ્ધિ મેળવનારા લલિતભાઈ કદાચ સર્વપ્રથમ છે.

લલિતભાઈએ આઈઆઈટી મુંબઈથી ડિગ્રી મેળવી છે. તેમણે શોધેલી નવી ડીહાઈડ્રેશન (સુકવણી ટેકનીક)ને ટીઆઈઈ દ્વારા પણ માન્ય કરવામાં આવી છે.

ચેમ્બર ફોર એડવાન્સમેંટ ઓફ સ્માલ એન્ડ મીડીયમ બિઝનેસીસ દ્વારા ઉદ્યમી બોલે છે. વિષયક ઓનલાઈન વેબીનારમાં પ્રરચન આપ્યું હતું.

**કે.ડી.ઓ. સાહિત્ય સમાચાર**

ગિરીશ મેઘાણીનું ગુજરાતી ભાષામાં ચોથું પુસ્તક 'ફિક્શન' પ્રસિદ્ધ થયું છે. આ પુસ્તકમાં એક વિજ્ઞાન કથા આલેખાયેલી છે.

**પ.પૂ.સા. સંયમગુણાશ્રી મ.સા.નો રૂબિક ક્યૂબ મોઝેકપોર્ટેટ**

પ.પૂ.સા. સંયમગુણાશ્રીજી મ.સા.ના દીક્ષા પર્યાયના ૪૭મા વર્ષ પ્રસંગે નલિયાના રૂપેન અને રિધ્ધિ રૂપેન છેડા તથા પરજાઉના રેશ્મા વિવેક દંડ દ્વારા પોતાની આગવી કળા દ્વારા ૪૫૦ રૂબિક ક્યુબ દ્વારા મોઝેકપોર્ટ્રેટ બનાવી વધામણા કર્યા હતા. સ્મરણીય છે કે આ કલાકારોએ નોબેલ બુક ઓફ રેકર્ડ અને ટેલેન્ટ બુક ઓફ રેકર્ડમાં પં. જવાહરલાલ નેહરૂ, ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને લતા મંગેશકરના ક્યુબ મોઝેકપોર્ટ્રેટ બનાવી રેકર્ડ નોંધાવ્યા છે. એટલું જ નહીં આ કલાકારોના સંગ્રહમાં ૧૫૦ જેટલા મોઝેક ક્યુબ પોર્ટ્રેટ સચવાયેલા છે.


કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ Matunga (E)

Since 1976

for Exclusive Gharchola, Bandhni, Border, Patola, Sarees & Chania Choli

Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree



# વતનના વર્તમાન

સંકલન : કેસરસિંહ ખોના

### ભુજની પ્રાથમિક શાળાને ડિજિટલ બોર્ડ ભેટ

ભુજની પ્રાથમિક શાળા નં. ૧૦ જે ખાડાવાળી શાળા તરીકે જાણીતી છે તેને માટે દર્શન એંજીનિયરીંગના માલિક મહેશભાઈ ઠક્કર અને ગીતાબેન ઠક્કર દ્વારા રૂા. દોઢ લાખ મુલ્યના સ્માર્ટ ડિજિટલ બોર્ડ ભેટ આપવામાં આવ્યા છે.

### ગુજરાત રાજ્ય માસ્ટર એથલેટીક્સમાં હનુભા જાડેજાને ત્રણ સુવર્ણ ચંદ્રક

હાલમાં ભુજ ખાતે યોજાયેલી ૪૩મી ગુજરાત રાજ્ય માસ્ટર્સ એથલેટીક્સ સ્પર્ધામાં ૬૫ વર્ષથી વધુ વયના દોડવીરો માટેની ૪૦૦ મીટર, ૮૦૦ મીટર અને ૫૦૦૦ મીટરની સ્પર્ધામાં ભદ્રેશ્વરના ભુજ નિવાસી નિવૃત્ત બેન્ક કર્મચારી હનુભા કાકુભા જાડેજાને કુલ ત્રણ સુવર્ણચંદ્રક હાંસલ થયા હતા.

હનુભા જાડેજા હવે દિલ્હી ખાતે યોજાનારી રાષ્ટ્રીય સ્પર્ધામાં કચ્છ-ગુજરાતનું પ્રતિનિધીત્વ કરશે.

### મહારાજ ભૂપતસિંહજી કોઈન સોસાયટી

મહારાજ ભૂપતસિંહજી કચ્છ કોઈન સોસાયટી દ્વારા ન્યુમેસ્ટિક અને ફિલાટેલી (સિક્કા અને ટપાલ ટિકીટ) સંગ્રહક્ષેત્રે વિશેષ યોગદાન આપવા બદલ સામત્રાના એનઆરઆઈ નારાણભાઈ ગામીને વર્ષ ૨૦૨૪નો લાઈફ ટાઈમ એવોર્ડ એનાયત કરાયો છે.

### ભુજ નખત્રાણા હાઈસ્પીડ રોડ

ભુજ-નખત્રાણાને જોડતો ફોરલેન (ચાર લેન)ના ૪૫ કિલોમીટર લાંબા હાઈસ્પીડ રોડના નિર્માણની રાજ્ય સરકારે જાહેરાત કરી છે. રોડના નિર્માણ માટે રૂા. ૯૩૭ કરોડ ફાળવી દેવાયા છે.

### માંડવી એર સ્ટ્રીપ

માંડવી-કાઠડા વિસ્તારની ગોચરની ૫૩૭ એકર જમીન એર સ્ટ્રીપ-હવાઈપટ્ટીના નિર્માણ માટે ફાળવવામાં આવી છે. એર સ્ટ્રીપનું નિર્માણ પૂરું થતાં અહીં નાનામોટા વિમાન ઉતરાણ કરી શકશે.

### કચ્છમિત્ર પ્રાયોજિત રોશની કેમ્પ

કચ્છને નેત્ર રોગ મુક્ત કરવાના અભિયા હેઠળ યોજાઈ રહેલા નેત્ર ચિકિત્સા માટેના રોશની કેમ્પ માટે મેઘપરના લંડન નિવાસી જાદવજી હાલાઈ પરિવારે મેઘેશ્વર મહાદેવ ઉત્સવના ઉપલક્ષમાં રૂા. પાંચ લાખનું દાન આપ્યું છે.

ભુજની મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર ખાતે ૧૯ ડિસેમ્બરના યોજાયેલા આ કેમ્પમાં જરૂરતવાળા દરદીઓને 'સુપ્રાફોબ' જેવા ઉચ્ચ ગુણવત્તાના લેન્સ બેસાડવામાં આવશે.

### એલઆઈસી બીમા સખી યોજના

તાજેતરમાં વડાપ્રધાન મા. નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા એલઆઈસીની બીમા સખી યોજનાનો શુભારંભ થયો છે. એલઆઈસીએ ૨,૦૦,૦૦૦ (બે લાખ) વીમા સખી નિયુક્ત કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. વીમા સખીઓને પ્રથમ ત્રણ વર્ષ દરમિયાન અનુક્રમે રૂા. સાત હજાર, છ હજાર અને પાંચ હજાર મહેનતાણું આપવામાં આવશે.

### બાડા ગ્રીન ફિલ્ડ કેમિકલ પ્રોજેક્ટ વિરૂદ્ધ પર્યાવરણવાદી

માંડવી તાલુકાના બાડા ગામ વિસ્તારમાં જીએચસીએલ લિ. દ્વારા સ્થાપવામાં આવનારા ગ્રીનફિલ્ડ (નવા) પ્રોજેક્ટ સામે પર્યાવરણવાદીઓ વિરોધ કરી રહ્યાં છે.

જીએચસીએલ બાડા ગામ પરિસર ખાતે સોડા એસ, લાઈટ સોડા એસ અને સોડિયમ બાઈકાર્બોનેટના ઉત્પાદન માટે પ્લાંટ સ્થાપવાની યોજના ધરાવે છે.

હવે જોવું રહ્યું કે આ પર્યાવરણનો વિરોધ ખરેખર સાચો છે કે પછી દેશમાં અનેક સ્થળોએ ધાંધલ ધમાલ કરી વિકાસ કાર્યો અટકાવવામાં આવે છે તેવું જ બાડામાં થઈ રહ્યું છે.

### અહો આશ્ચર્યમ્! હૃદયમાં માઈક્રો મગજ

અમેરિકાની કોરોલિન્સ્કા ઈન્સ્ટીટ્યૂટ અને કોલમ્બિયા યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યું છે કે હૃદયનું પોતાનું એક આગવું માઈક્રો ન્યૂરોન નેટવર્ક (માઈક્રો મગજ) હૃદયમાં ગોઠવાયેલું હોય છે જે ધબકારા અને હૃદયમાંથી પ્રવાહિત થતા રક્તના પ્રવાહનું નિયમન કરે છે.

કદાચ એટલે જ આપણને સહજપણે હૃદયમાં સર્જાતા

MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA

• પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી • સાચી જરીની સાડીઓ બોર્ડર • જુના સાચા ઘરચોળા • કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલ્લીની સામે,
માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ

MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA

વિચાર પ્રવાહનું ધ્યાન આવે છે. પ્રેમની વાત ઉદ્‌ભવે છે.

**ગોડિયા પાર્શ્વનાથ ધ્વજારોહણ**

રાપર ગઢવારી સ્થિત શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ નૂતન જિનાલયની પ્રથમ વર્ષગાંઠે ધ્વજારોહણ મહોત્સવ તા. ૧૨.૨.૨૫ના રોજ યોજાશે. પ્રથમ દિને અઢાર અભિષેક અને દ્વિતીય દિને સત્તરભેદી પૂજા અને ધ્વજારોહણ મહોત્સવ યોજાશે. રાપર ગઢવારી અને નાની સિંધોડીના ગામવાસીઓ અને નિયાણી બહેનોને આમંત્રણ છે.

સમગ્ર આયોજનના લાભાર્થી માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર અને અ.સૌ. નિશાબેન હિતેશ માણેકજી મોતા નિર્ધારિત થયા છે.

**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.


# હિરલ ફાર્મ

Hiral farm

**બેસ્ટ ફેમિલી ફાર્મ (દહાણું)**

ક્રિસમસ સેલિબ્રેશન ન્યુ ઈયર પાર્ટી, કીટી પાર્ટી, બર્થ ડે પાર્ટી,ફેમિલી / કોર્પોરેટ પીકનીક, હળદી ફંકશન, મહિલા મંડળ માટે ઉત્તમ ફેમિલી ફાર્મ. ટેસ્ટી જૈન ફૂડ, ક્લોરિન ફ્રી પૂલ, ક્રિકેટ ટર્ફ, ડી.જે. લાઇટ સાથે ડાંસ-ગરબા અને સ્પેશિયલ ગ્રુપ ગેમ્સ, સ્ટાર ગેઝિંગ, ફાર્મ વિઝિટ, રિવર વિઝિટ. નાઇટ સ્ટે, ટેન્ટ સ્ટે, મડ હાઉસ ઉપલબ્ધ.

ભારતના સૌથી મોટા વાઘવન પોર્ટ પાસે વેરહાઉસિંગ, એન.એ. પ્લોટ, એગ્રિકલ્ચર લેન્ડ માટે સુવર્ણ તક. વિકાસ લક્ષી પ્રોજેક્ટસ : મુંબઈ દિલ્હી એક્સપ્રેસ વે, ત્રીજો એરપોર્ટ, વેસ્ટર્ન ફ્રેટ કોરિડોર, બુલેટ ટ્રેન.

**સંપર્ક : હિરલ ફાર્મ દહાણું**

**9322299464–વિનોદભાઈ નંદુ**

**9833373342–નીરવ દેઢિયા**



# કન્યાછાત્રાલય માટે ગૃહમાતા તથા આસીસ્ટન્ટ ગૃહમાતા જોઈએ છે

**સંપૂર્ણ બાયોડેટા તથા બે રેફ્રન્સ સાથે સ્વઅક્ષરે અરજી કરો**

**રહેવા-જમવાની સગવડતા સાથે**

## પગાર યોગ્યતા મુજબ

## શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ કે.ડી.ઓ.જૈન કન્યાછાત્રાલય

## C/o શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ.જૈન વિદ્યાર્થીગૃહ


**શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ, લક્ષ્મી નિવાસ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ) - મુંબઇ-૪૦૦૦૮૬**

**ફોન : ૮૬૫૭૬ ૩૭૩૨૦**

## જીવન ચક્ર

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ)** – ભરૂડિયા
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪.૧૦.૨૦૨૪ | બીલીમોરા | રીવા, જલ્પા-હર્ષ હિરેન વીકમશી | રાણપુર | પુત્રી |
| ૨૪.૧૦.૨૦૨૪ | માટુંગા | હિદાન, મીતા-રોહન ખોના | નલિયા | પુત્ર |
| ૦૮.૧૧.૨૦૨૪ | આદીપુર | જીવાંશ, હેતલ-નીરવ લાલકા | વારાપધર | પુત્ર |
| ૧૧.૧૧.૨૦૨૪ | બેંગલુરુ | શ્રેયાંશ, કોશાલી-પ્રણવ લોડાયા | સાંયરા | પુત્ર |
| ૧૭.૧૧.૨૦૨૪ | મુલુંડ | વિહા, કિંજલ-દર્શન દિપક ડાઘા | વરાડીયા | પુત્રી |
| ૨૧.૧૧.૨૦૨૪ | ડોંબિવલી | હિયાંશ, મમતા-હાર્દિક નવીનચંદ વિકમશી | વારાપધર | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૦૩.૨૦૨૪ | મુલુંડ | ઉકેન ભદ્રેશ સોમચંદ નાગડા | નલિયા | ૩૨ |
| | નલિયા | દર્શના ચંદ્રકાંત મણીકાંત લાલકા | નલિયા | ૨૮ |
| ૨૫.૧૧.૨૦૨૪ | કલીકટ | કુલદીપ રોહિત મુલજી લોડાયા | નલિયા | ૨૮ |
| | માંડવી | જેની રાજેશ ગુલાબચંદ નાગડા | નલિયા | ૨૪ |
| ૨૭.૧૧.૨૦૨૪ | વાપી | ઉદય શશીકાંત મુલજી ખોના | સુથરી | ૩૮ |
| | કોઈમ્બતુર | ખુશ્બુ મયુર અનીલ નાગડા | નલિયા | ૩૬ |
| ૦૭.૧૨.૨૦૨૪ | ઈન્દોર | કરણ પરેશ મહેન્દ્ર ધરમશી | કોઠારા | ૨૭ |
| | કોઈમ્બતુર | ચાંદની સંદીપ સુરેશ મૈશેરી | જખૌ | ૨૪ |
| ૧૦.૧૨.૨૦૨૪ | ડોંબિવલી | પ્રિન્સ વિનીત ધનજી ધરમશી | કોઠારા | ૨૯ |
| | કોઠારા | અવની અતુલ લાલજી પટેલ (મોમાયા) | સાંયરા | ૨૭ |
| ૧૨.૧૨.૨૦૨૪ | અમદાવાદ | જીનય વર્ધમાન હીરજી લોડાયા | કોઠારા | ૨૬ |
| | યવતમાલ | હિમાની પૂર્વેશ દિનેશ લોડાયા | નલિયા | ૨૫ |
| ૧૩.૧૨.૨૦૨૪ | સાંધવ | જૈનમ જેઠાલાલ ચાંપશી દંડ | સાંધવ | ૨૫ |
| | ભુજ | શ્રેયા પ્રવિણચંદ્ર નાગશી લાપસીયા | સુથરી | ૨૩ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૧૧.૨૦૨૪ | ડોંબિવલી | પાર્થ ધનકુમાર મુલચંદભાઈ લોડાયા | મોટી ખાવડી | ૨૯ |
| | બેંગલોર | ઐશ્વર્યા સંતોષ | બેંગલોર | ૨૫ |
| ૨૩.૧૧.૨૦૨૪ | કોઈલન્ડી | જોસેફ જગન મુળકંચીરા | કોટ્યમ-કેરલા | ૩૨ |
| | કલીકટ | કૃતિકા મનીષ થોભણ લોડાયા | રવા | ૩૦ |
| ૨૬.૧૧.૨૦૨૪ | રાયપુર | ગૌરવ જયચંદ છજલાની | ફલોદી (રાજ.) | - |
| | ધમતરી | વિભા લોચન ઉત્તમચંદ કરમશી લોડાયા | સાંધવ | ૨૪ |
| ૦૩.૧૨.૨૦૨૪ | કોઠારા | નિરવ પ્રદીપકુમાર જવેરચંદ રતનશી મુનવર | કોઠારા | ૨૬ |
| | કોઈમ્બતુર | પ્રીન્સા ગીરીશભાઈ ઈશ્વરલાલ રાજગોર | - | - |
| ૧૫.૧૨.૨૦૨૪ | ગોરેગાંવ | જૈનમ મુકેશ વિસનજી સતરા | ડોણ | ૩૦ |
| | ડોંબિવલી | દેવી ચેતન શાંતિલાલ મોમાયા | નલિયા | ૩૦ |

## જ્ઞાતિ સગપણ છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦.૧૧.૨૦૨૪ | ડોંબિવલી | કેવલ હંસકુમાર ચાંપશી નાગડા | તેરા | ૨૭ |
| | ડોંબિવલી | પ્રાચી અશોક લાલજી લોડાયા | દલતુંગી | ૨૪ |

## જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮.૧૧.૨૦૨૪ | ગદગ | જેનિલ મૌનેશ પ્રવીણચંદ લુઠીયા | નાની ખાવડી | ૨૭ |
| | ભાંડુપ | સમૃદ્ધિ અતુલ મણીલાલ ધરમશી | -- | ૨૭ |
| ૦૩.૧૨.૨૦૨૪ | જલગાંમ | લીતેશ ભરત ખોના | સાંયરા | ૨૭ |
| | રાયચૂર | કેવલી ગીરીશ લાપસીયા | સાંયરા | ૨૫ |
| ૦૩.૧૨.૨૦૨૪ | અમદાવાદ | રોનક મણીકાંત ભાણજી મૈશેરી | બાંઢીયા | ૨૮ |
| | અમદાવાદ | ગુંજન સોમચંદ માણેકજી શિયાલ | વારાપધર | ૨૬ |
| ૦૫.૧૨.૨૦૨૪ | મુલુંડ | જીત મનીષ ધરમશી | સુથરી | ૨૯ |
| | મુલુંડ | પ્રાચી મયુર લોડાયા | બાંઢીયા | ૨૭ |
| ૦૮.૧૨.૨૦૨૪ | ગાંધીધામ | હર્ષ રાજેશ લોડાયા | વારાપધર | ૨૬ |
| | ભુજ | આરતી હીરેન પોલડીયા | ગોએરસમા | ૨૪ |
| ૧૦.૧૨.૨૦૨૪ | વડોદરા | જય ભરત રામજી નાગડા | નલિયા | ૨૫ |
| | અમદાવાદ | કોમલ રાજેશ છેડા | નલિયા | ૨૫ |

## આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૧૧.૨૦૨૪ | બડીયાખેડી | રજત ગૌતમ લોડાયા | નલીયા | ૨૮ |
| | – | વંદીતા નીરજ માલવીયા | સીહોર | – |
| ૨૦.૧૧.૨૦૨૪ | ઘાટકોપર | જિનેશ પંકજ ધનપતી લોડાયા | નલીયા | ૨૬ |
| | થાણા | હર્ષીતા જયેશ જેષ્ટારામ ગિયોસોત્તા (કોરીયાની) | થાણા | ૨૬ |
| ૨૮.૧૧.૨૦૨૪ | બેંગ્લોર | યોગેશ્વર ઈલાન ગોવન | પુડૂચેરી | ૨૮ |
| | ઐરોલી | લીના તુષાર પદમશી જૈન (લોડાયા) | નલિયા | ૨૮ |
| ૦૩.૧૨.૨૦૨૪ | મલકાપુર | શુભમ ગજાનન મુરલીધર બોન્ડે | મલકાપુર | – |
| | પૂના/મલકાપુર | મીતાલી હર્ષદ હેમરાજ લોડાયા | સુથરી | ૨૮ |
| ૦૬.૧૨.૨૦૨૪ | રાયપુર | ગૌરવ જયચંદજી છજલાની (જૈન) | ફલોદી (રાજ.) | ૨૬ |
| | ધમતરી | વિભા લોચન ઉત્તમચંદ કરમશી લોડાયા | સાંધવ | ૨૫ |

## મરણ

